। तत् सत् परमात्मने नमः ।

સન્માર્ગ દર્શક

ઉપદેશમાળા.

પાંચમી આવૃત્તિ.

સુરત પ્રાયમરી સ્કુલમાં ચાલતા ધર્મનીતિ શિક્ષણ ફંડ
ખાતે ઉપજનાં નાણાં જમા થવાના છે.

પ્રસિદ્ધ કર્તા

મનમોહનદાસ દયાળદાસ, શરાફ

શ્રી સુરત જૈન પ્રિન્ટીંગ પ્રેસમાં મઠુભાઈ લાહિદાસે છાપી.

સંવત ૧૯૬૭. સને ૧૯૧૧.

કિંમત ૨ આના.

तत् सत् परमात्मने नमः

સન્માર્ગદર્શક-ઉપદેશ માળા

પ્રસિદ્ધ કર્ત્તા,

મનમોહનદાશ દયાળદાશ.

(આવૃતિ ૫ મી)

સંવત્ ૧૯૬૭ આષાડ સને ૧૯૧૧.

કિં. ૨ આના

ધી "જૈન" પ્રિન્ટીંગ પ્રેસ-સુરત.

ॐ

अहिंसापरमो धर्मः

उपोद्घात.

જે પ્રમાણે ૐકાર પ્રણવની મહા અદ્ભુત ગુપ્ત શક્તિના યોગે હિરણ્યગર્ભમાંના વૈશ્વાનર અગ્નિનું આકર્ષણ કરી કેવળનિષ્કામ ભક્તને તેમની આસપાસ રહેલા શુભ ઑઆઝમાં સંમિલન થઇ તે ભક્તની મનોકામના પરિપુર્ણ કરે છે તે પ્રમાણે મંત્રો અથવા શબ્દોમાં પણ અદ્ભુત મહાશક્તિ રહેલી છે, જેથી કેવળ નિષ્કામ ભકતને તેની આસપાસ રહેલા દૈવિ ઑઆઝની એ પુષ્ટી કરી એક જાતનું કવચ બાંધે છે; તેથી આ સંસારમાં અથવા પર લોકમાં રહેલી મલિનતાનો પ્રવેશ થઇ શકતો નથી. પરંતુ તે ભકતે પોતે એકાગ્રવૃત્તિથી તે મંત્ર અથવા શબ્દનો ઉચ્ચાર કરવાનો છે. આ મોટા અદ્ભુત સાધનવડે રાજવિદ્યાનો વિદ્યાર્થી નિર્ભયરીતે અદ્રશ્ય લોકમાં યોગ્ય સમયે પ્રવેશ કરી શકે છે.

માટે સનાતન ધર્મના લક્ષણોની મર્યાદામાં રહેનાર રાજયોગના વિદ્યાર્થી માટે પરંશાંતિ થઇ એકાગ્રતા દ્રઢ થવા સારૂ પ્રત્યેક દિવસે વ્યવહારથી નિવૃત્તિ પામ્યા પછી મુખ્યત્વે કરી રાત્રીના સમયે મંત્રોદ્ધારા એકાગ્રતા થવા સારૂ આ સન્માર્ગદર્શક નામના લઘુ પુસ્તકમાં અનુભવથી સિદ્ધ થયેલ કેટલાએક મંત્રો અને કેવળ નિષ્કામ ભકતોના આકૃત વાકયોનો સંગ્રહ કરેલો છે. એની ચાર આવૃત્તિ થઇ ચુકી છે અને હાલમાં ધર્મજીજ્ઞાસુઓમાં એની વિશેષ માગણી થવાથી આ પાંચમી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે.

પાંચમી આવૃત્તિની પ્રસ્તાવના.

આ પુસ્તકની ચાર આવૃત્તિ થયા પછી જૈન સમાજની કેળવણીના વધારા સાથે સમયાનુસાર એમાં પણ કેટલોક વધારો ઘટાડો કરવામાં આવ્યો છે અને આ પાંચમી આવૃત્તિ બહાર પાડવા માટેના આવક અને ખરચની વ્યવસ્થાનો હક સુરત ધર્મનીતિ શિક્ષણના વ્યવસ્થાપક અને રાત્રીશાળાના મેનેજર રા. મધુવચરામ બળવચરામજીને આપવામાં આવ્યો છે એટલે આ આવૃત્તિના ઉપજના નાણાં એ ફંડ ખાતે જમા થવાના છે માટે જૈનસમૂહ સ્વાર્થ સાથે પરમાર્થ સાધી શકશે.

શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

મનમોહનદાશ દયાળદાશ શરાફ.

ॐ



मुमुक्षुनुं नित्यकर्म.

सर्वथा सर्वदा सर्वभूतानामनभिद्रोहः अहिंसा ज्ञेया

ભાવાર્થ—કોઇ પણ પ્રાણીનો દ્રોહ કરવો નહિ. દ્રોહ મનુષ્ય પ્રાણીનોજ થાય છે માટે મુખ્યત્વે કરી વેદવ્યાસના અભિપ્રાય પ્રમાણે કોઇ પણ મનુષ્ય પ્રાણીનો દ્રોહ નહિ કરતાં સઘળા વિષે **ભ્રાતૃભાવ** રાખી પરસ્પર પ્રિતિથી વર્ત્યાથી અતિ અમૂલ્ય લાભ થાય છે.

सनातनधर्मनां लक्षणो.

धृतिः क्षमा दमोऽस्तेयं शौचमिंद्रियनिग्रहः ।
धीर्विद्या सत्यमक्रोधो दशकं धर्मलक्षणं ॥

મનુસ્મૃતિ અ૦ ૬ શ્લોક. ૧૨

ભાવાર્થ.—૧ ધૃતિ—ધિરજ. સંતોષ. ૨ ક્ષમા—માફી. શરણે આવેલાને ભ્રાતૃસમાન ગણવો. ૩ દમો—સહન કરવું ૪ અસ્તેય—ચોરી કરવી નહિ. ૫ શૌચં—પવિત્રતા, નિર્મળતા. ૬ ઇંદ્રિયનિગ્રહ—પોતાની ઇંદ્રિયોને વિકાર પામવા ન દેતાં સ્વાધિનમાં રાખવી. ૭ ધી—સદ્‌બુદ્ધિ. વેદાંત શાસ્ત્રોનું શ્રવણ મનન કરવું. ૮ વિદ્યાં—બ્રહ્મવિદ્યા અને આત્મવિદ્યા શિખવામાં તત્પર રહેવું. ૯ સત્યં—સાચું બોલવું, છલ કપટથી દૂર રહેવું ૧૦ અક્રોધ—ક્રોધને વશ કદી થવું નહિ.

એ પ્રમાણે ટુંકામાં **ધર્મનાં** દશ લક્ષણ વર્ણવ્યાં છે તે નિત્ય મનુષ્ય પ્રાણીએ અંતરમાં શ્રવણ કર્યા કરવાં; જે આ દશ ધર્મો પાળે તેજ **મહાત્મા** કેહેવાય.

अधर्मनां लक्षणो.

परद्रव्येष्वभिध्यानं मनसानिष्ट चिंतनं ।
वितथाभिनिवेशश्च त्रिविधं कर्म मानसम् ॥५॥
पारुष्यमनृतं चैव पैशून्यं चापि सर्वशः ।
असंबद्धप्रलापश्च वाङ्यं स्याच्चतुर्विधं ॥६॥
अदत्तानामुपादानं हिंसा चैव विधानतः ।
परदारोपसेवा च शारीरं त्रिविधं स्मृतम् ॥७॥

ભાવાર્થ.—ઉપર દર્શાવેલા અધર્મો ત્રણ પ્રકારના છે.

૧ મન—૧ મનથી પારકા દ્રવ્યની અયોગ્ય ઇચ્છા કરવી તે. ૨ કોઈ પણ પ્રાણીનું ભુંડુ ઇચ્છવું તે.

૩ મિથ્યાનિશ્ચય એટલે અસત્યમાં સત્ય માની લેવું તે.

૨ વાણી—૧ કોઇને દુઃખ થાય એવું ભાષણ કરવું.
૨ જુઠ્ઠું બોલવાની ટેવ રાખવી.
૩ કોઇની ચાડીચુગલી કરવી.
૪ કોઇને ખોટો ભરૂસો આપવો.

૩ કાયા—**૧** અયોગ્ય કર્મ કરવું. ૨ કોઈ પણ જીવને મારવો.
૩ પારકી સ્ત્રીનો સંગ કરવો.

એવી રીતના દશ **અધર્મો**, **મન**, **વાણી**, અને **કાયાથી** થાય તે મનુષ્ય પ્રાણીએ કદી કરવાં નહિ. એ પ્રમાણે જે મનુષ્ય પ્રાણી ધર્મ અધર્મની મર્યાદામાં રહી વર્તશે તેની **સાંસારિક**, **વ્યવહારિક**, **રાજયકિય** અને **ધાર્મિક** એ ચારે સ્થિતિ ઉત્તમ દશામાં આવી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેની તેને નિશ્ચય પ્રાપ્તિ થશે.

સમભાવ.

હવે ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને એવું કહ્યું છે જે:—

सर्वभूतस्थमात्मानं सर्वभूतानिचात्मानि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शिनः ।

ભાવાર્થ.—**આત્મા** પંચમહાભૂત અને તેનાં જડ ચૈતન્યાદિક સર્વ કાર્યમાં ગુપ્ત રીતે રહેલો છે. તેમજ સર્વ ભૂતો પણ ગુપ્ત રીતે **આત્મામાં** રહેલા છે. માટે સઘળા ભૂત પ્રાણી વિષે જે પુરૂષ **સમભાવની** દૃષ્ટિથી વર્તે છે તેજ યોગી પુરૂષ છે.

એવીજ રીતે અષ્ટાવક્રગીતાના શ્લોક. ૧૬ માં **સમભાવ** વિષે કહ્યું છે જે:—

सुखे दुःखे नरे नार्यां, संपत्सु च विपत्सु च ।
विशेषो नैव धीरस्य, सर्वत्र समदर्शिनः ॥१८॥

ભાવાર્થ.—સુખ અને દુઃખના સમયે તેમજ સંપત્તિ અને વિપત્તિના સમયે સ્ત્રી અને પુરૂષ, એ બન્ને વિષે ન્યૂન અધિક ભાવે નહિ જોતાં જે સમાનભાવની દ્રષ્ટિએ વર્તે છે તે પુરૂષ ધૈર્યતાવાળો સત્ય જ્ઞાની છે.

વળી અષ્ટાવક્ર ગીતાના શ્લોક ૧૬, માં દુઃખરૂપી વ્યાધિને તેના નિવારણ રૂપી ઔષધ વિષે એવું કહ્યું છે જેઃ—

द्वैतमूलमहो दुःखं नान्यत्तस्यास्ति भेषजम् ।
दृश्यमेतन्मृषा सर्वं एकोहं चिद्रसोऽमल ॥१६॥

ભાવાર્થઃ—દુઃખરૂપી વ્યાધીનું મૂળ કારણ દ્વૈતભાવ છે. એનું ઔષધ નિર્મળ એવું જે જે કંઈ દ્રષ્ટિ ગોચર થાય છે તે જુઠું છે, અને એકલું તેજ, સર્વ છે. ચિદ્રૂપ સતેજ છે. માટે સર્વ પ્રાણી વિષે **સમભાવની** દ્રષ્ટિથી જોવાની અગત્ય છે. એ ગુપ્ત સત્ય જ્ઞાન વિવેકી પુરૂષોને સાધારણ અંક ઉપરથી પણ જણાશે–એટલે એકડે એક, બગડે બેય, એનો અર્થ એવો છે જે એક તેજ સુખનું કારણ છે અને બગડવાનું કારણ બે છે.

યોગીનાં લક્ષણો.

હવે ભગવદ્‌ગીતામાં શ્રેષ્ટ યોગી કોને કહ્યા તે વિષે કહ્યું છે જેઃ—

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥

ભાવાર્થ:—જે મનુષ્ય સુખ અથવા દુઃખ જે પ્રમાણે પોતાને થાય તેજ પ્રમાણે બીજાને સમજી એક **આત્મસ્વરૂપ** ની દ્દષ્ટિયે સઘળાને **સમાન ભાવથી** જુએ છે તેજ ઉત્તમ શ્રેષ્ટ યોગી છે.

હવે યોગી અથવા ગુપ્ત વિદ્યા જાણવાની ઇચ્છા રાખનાર આગ્રહી પુરૂષને ભયથી મુક્ત કરનાર કેવા પ્રકારનું કુટુંબ છે તે વિષે **ભર્તૃહરિના** વૈરાગ્યશતકમાં નીચે પ્રમાણે કહ્યું છે.

धैर्यं यस्य पिता क्षमा च जननी शांतिश्चिरं गेहिनी ।
सत्यं सुनूरयं दया च भगिनी भ्राता मनःसंयमः ।
शय्या भूमितलं दिशोपि वसनं ज्ञानामृतं भोजनम्
एते यस्य कुटुंबिनो वद सखे कस्माद्भयं योगिनः ॥

ભાવાર્થ:—જે આગ્રહી અને નિશ્ચયાત્મક બુદ્ધિ ચૈતન્ય જ્ઞાનવાળો પુરૂષ **ધૈર્યને** પોતાનો પિતા ગણે છે, **ક્ષમાને** પોતાની માતા જાણે છે, અનાદિકાળ રહે તેવી **શાન્તિને** પોતાની સ્ત્રી માને છે, **સત્યને** પુત્રપુત્રિ ગણે છે, **દયાને** પોતાની બેન સમજે છે, **મનનો સંયમ** અથવા મનનો જે **અંકુશ** તેને ભાઇ ગણે છે, અને **ભૂમિના** તળને પોતાની **પથારી** સમજે છે, **દિશા** એજ જેને વસ્ત્ર છે, અતિ અમૃતરૂપી ભોજન તે ઉત્તમ **આત્મજ્ઞાનને** ગણે છે એ પ્રમાણે કુટુંબવાળો જે યોગી છે તેને ભય કોનો છે? (ત્રૈલોકામાં કોઇનો નથી.)

વળી ઉપર કહેલો યોગી કેવી રીતે વર્તે છે તે વિષે કહ્યું છે.

क्वचिद्भूमौ शय्या क्वचिदपि च पर्यंकशयनम्
क्वचिच्छाकाहारी क्वचिदपि च शाल्योदनरुचिः ।
क्वचित्कन्थाधारी क्वचिदपि च दिव्यांबरधरो
मनस्वी कार्यार्थी न गणयति दुःखं न च सुखं ॥

ભાવાર્થ:—જે પુરૂષ કોઇ સમયે ભૂમિ ઉપર સુવે છે; કોઇ સમયે પલંગ ઉપર પોઢે છે, કોઇવાર ભાજપાલો ખાઇ સંતોષ માને છે, કોઇવાર તાંદુલ આદિ અન્નનું ભોજન કર્યાથી પણ આનંદ માને છે, કોઇવાર ફાટાં તુટાં વસ્ત્ર મળેથી સુખી રહે છે, અને કોઇ સમયે શાલદુશાલા ઇત્યાદિ વસ્ત્ર પણ ધારણ કરે છે. એવી સ્વાભાવિક વૃત્તિવાળા મનસ્વી પુરૂષને સુખ અને દુઃખની કંઇ ગણનાજ નથી.

આત્મસ્વરૂપને નમન સંબંધી.

હવે યોગવસિષ્ટમાં કેવી રીતના સત્ય **આત્માને** નમન કરેલુ છે તે દર્શાવીયે.

यतःसर्वाणि भूतानि प्रतिभांति स्थितानि च ।
यत्रैवोपशमं यांति तस्मै सत्यात्मने नमः ॥

ભાવાર્થ.—સર્વ પંચ મહાભૂત અને તેનું કાર્ય જે સમષ્ટિ અને વ્યષ્ટિ જેના યોગે ઉત્પન્ન થાય છે અને જેમાં સ્થિત થઇ અંતે તેમાં લય પામે છે એવો જે સત્ય **આત્મા** તેને હું નમસ્કાર કરૂં છું.

હવે ભગવદ્ગીતામાં **આત્મસ્વરૂપ** વિષે કેવી રીતે કહેલું છે તે દર્શાવ્યું છે જે:—

नैनं छिंदंति शस्त्राणि नैनं दहति पावकः ।

नचैनं क्लेदयंत्यापो न शोषयति मारुतः ॥२३॥

अच्छेद्योऽयमदाह्योऽयमंक्लेद्योऽशोष्य एव च ।

नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥२४॥

ભાવાર્થ.—**આત્મા** શસ્ત્રથી છેદાઇ શકતો નથી, અગ્નિથી બળી શકતો નથી, જલથી ભિંજાઇ શકતો નથી. અને વાયુથી સુકાઇ શકતો નથી. ॥૨૩॥ તે **આત્મા** અછેદ્ય એટલે કપાઇ શકતો નથી, દાઝી શકતો નથી. ને જલ તથા વાયુથી વિકાર પામી શકતો નથી. એવો નિત્ય, સર્વ વ્યાપક સ્થિર, અચલ, અને સનાતન છે. ૨૪.

વળી કેવા **સત્ય આત્માને** નમસ્કાર કરવો એ વિષે શાસ્ત્રમાં કહ્યું છે કે:

मूकं करोति वाचालं पंगु लंघयते गिरिम् ।

यत्कृपातमहं वंदे परमानंदमाधवम् ॥

ભાવાર્થ.—પરમ આનંદરૂપ **આત્મા** જેનાથી જડ એવી જે વાક ઇન્દ્રિ તે વાચાને પામે છે; જડ એવી જે પાય ઇન્દ્રિ તેને અદ્‌ભુતગતિ મળે છે એવા પરમ શુદ્ધ **આત્માને** હું નમન કરૂં છું.

વળી આગળ એવું કહ્યું છે જે.

यं ब्रह्मा करुणेन्द्ररुद्रमरुतः स्तुन्वन्ति दिव्यैः स्तवैः।
वेदैः सांगपदक्रमोपानिषदैर्गायंति यं सामगाः ।
ध्यानावस्थिततद्गतेन मनसा पश्यान्ति यं योगिनो।
यस्यांन्तं न विदुः सुरासुरगणा देवाय तस्मै नमः ॥

ભાવાર્થ.—જે એક અનાદિ સર્વનું મૂળ કારણ જેની સ્તુતિ બ્રહ્મા (અનુવાદક) કર્યા કરે છે તથા વરૂણ, ઈંદ્ર, રૂદ્ર, મરૂત, અને સૂર્ય ઇત્યાદિ સઘળાં અધિષ્ઠાન મહા શક્તિ રૂપ દેવો નિરંતર જેની સ્તુતિ કરે છે, જેનું વેદ વેદાંગ ઉપનિષદ અને સામવેદ ગાન કરે છે, જેનું ધ્યાનસ્થિત યોગીઓ એકાગ્રવૃત્તિથી અને મન બુદ્ધિના સંયમથી ધ્યાન કરવા છતાં તેના પારને પામતા નથી, જેને સુર અને અસુર (દૈવી અને આસુરી પ્રકૃતિ) જાણી શકતાં નથી, એવા દેવને હું નમસ્કાર કરૂં છું.

વસંતતિલકાવૃત.

અજ્ઞાન દુર કરિને સહુ જ્ઞાનિ થાઓ,
તૃષ્ણા તજી અચલ શાંતિ વિશે સુહાઓ;
ધર્મ સનાતન તણો લહિ બોધ સાચો,
ભાવેથિ સેવન કરી નિશદીન રાચો.
એ તો નથી નવિન કલ્પીત આજ પહેલો,
અંશાવતારિ પ્રભુજી મંનુનો રચેલોઃ
છે બ્રાહ્મણાદિ જહિં વર્ણજ ચાર બાંધી,

છે ચાર આશ્રમ જહીં પુરૂષાર્થ સાધી.
એ ધર્મની ધવલ કીર્તિ બધે છવાઈ,
છે શ્રેષ્ટતા સકળ વિશ્વ વિશે ગવાઇ;
એના પ્રતાપ થકી આર્ય પ્રજા પ્રકાશી,
સમૃધ્ધી સદ્ગુણ લહયા જહિંના નિવાસી.
મોટા પ્રતાપિ પુરૂષો જહીંરે થયા છે,
દ્રષ્ટાંતરૂપ થઇ વિશ્વ વિશે રહયા છે;
એ આદિ વૃક્ષ અતિ ભવ્ય વિશાળ ભાસે.
વિશ્રાંતિ શાંતિ દઇ ઉરપુરે સુઆશે.
પાળો પ્રયત્ન કરી પ્રીતથી રત્ન ધર્મ,
કલ્યાણકારી ભયહારિ લહી સુમર્મ;
સેવો સનાતન સદા સહુ ધર્મ સેવો
વિશ્વે નથી નથીજ રે કહીં અન્ય એવો.

આરતી ૧.

જયદેવ જયદેવ જયજય ગુરૂ દેવા
ચરણ કમળની નિશદિન કરિયે સહુ સેવા. ॥ જય
જય મોરેશ્વર ભૂપ કુંથુની તપરાશી
અવર મહાત્મા રૂષિવર, હીમાલયવાસી ॥ જય
વિપરિત બુદ્ધિ વિનાશી, કળિ કાળે વ્યાપી
અસત્ય સ્વારથ વરતે, કરમ થતાં પાપી ॥ જય
જગહિત કારણ પૂરણ, કરૂણા ઉર ધારી
ગુપ્ત પ્રેરણા સઘળે, ધર્મની વિસ્તારી ॥ જય
કલાપ ગ્રામે રહિને, તપથી વીરામી

ધર્મ સનાતન નિરખ્યો, વિસ્મય બહુ પામી ॥ જય
નવિન અંકુરો ફરિથી, આકૃણિએ ફુટે
કુટિલ કર્મના બંધન, કંઇક તણાં ત્રુટે ॥ જય
ધર્મ સનાતન સ્થાપ્યો, જહિંતહિં જન વંદે
આસુરિ બલ ખલભલીયું હરિજન આનંદે ॥ જય
ધર્મ તણાં બિજ વેર્યાં. હમણા કલિયુગમાં
સંપુરણ ફળશે તે નિશ્ચય સતયુગમાં ॥ જય
પ્રેમ દયાની મૂર્તી અદ્ભુત વિરાજે
ચરણકમળમાં નમિયેએ પ્રસન્ન પ્રભુ થાજે ॥ જય

આરતી ૨.

જય જય જય જગકર્તા, વિશ્વતણા ભર્તા
ભવ સિંધુ ભય હર્તા, ત્રિભુવનના ધર્તા ॥ જય
વૃક્ષ વડું સંસાર, પ્રગટયું વિભુવરથી
ઉર્ધ્વ મૂળને શાખા નીચે વિસ્તરતી ॥ જય
હોંસે વૃક્ષતણા ફળ ચાખે જીવ ત્યારે
જન્મ મરણને પામે. કર્મથિ સંસારે ॥ જય
ગહન વિશ્વનું રૂપ, પાર ન કો પામે
બ્રહ્મ વિયોગી તે, જાય અચલ ધામે ॥ જય
આરતિ આજ અમે અહીં. પ્રેમ થકી કરીએ
તરવા ભવ જળપાર, ધ્યાન પ્રભુ ધરીએ ॥ જય

આરતી ૩.

જયદેવ જયદેવ જય વ્યાપક વિષ્ણુ
પ્રભુપર ત્રીમાત્રાથી વિલસો પ્રભુ ત્રિષ્ણુ ॥ જય
અકાર શ્રી શંકર્ષણ, વિશ્વસ્વરૂપ જાણું
ઉકાર છે શ્રી પ્રદ્યુમ્ન તેજસ પરમાણું ॥ જય
મકાર તે શ્રી અનિરૂદ્ધ, પ્રાજ્ઞાત્મક પોતે
એથી પર તમ પ્રભુજી, સંત કંઇક ગોતે ॥ જય
મૂળ પ્રકૃતી રૂપે રૂક્મીણી રાજે છે
તમ આશ્રય ધારીને, સઘળે ગાજે છે ॥ જય
નિર્ગુણ સગુણ પ્રકાશો, મરમ ન લહે કોઇ
શાંતાત્મા પરમાત્મા, ભકત ભજે મોહી ॥ જય

આરતી ૪.

જયદેવ જયદેવ જય વ્યાપક વિષ્ણુ જય વ્યાપક વિષ્ણુ
નિરંજન દુઃખભંજન (૨) પ્રણમું પ્રભ વિષ્ણુ. જય૦ ટેક
નિયંતા ભગવંતા ભવ પ્રાદુરભાવે (૨]
જગત્રાતા સુખદાતા, પ્રકૃતી પ્રભાવે જય૦ ૧
આનંદમૂર્ત્તિ અમૂર્ત્તિ અવિચળ બ્રહ્માંડે (૨) .
સર્વેશ્વર વિશ્વેશ્વર, (૨) વચન વેદકાંડે. જય૦ ૨
નિર્વિકાર અકાર•માત્રા ઉચ્ચારે (૨) .
કમળ અષ્ટદળ નિત્ય, (૨) ઋષિ હૃદયે ધારે. જય૦ ૩
શેષ શયન સ્વરૂપ કુંડળિનિ શક્તિ (૨)
હે! ભૂતભાવન પાવન, (૨) કૂટસ્થ કર્મ વ્યક્તિ. જય૦ ૪

તત્વમસિ બ્રહ્માસ્મિ શિવોહું સોહું (૨)
મંત્રથી તંત્ર તરાએ, કરૂણાકર **પરિબ્રહ્મ** જય૦ ૫
મંગળ મંગળ વ્યાહૃતિ આરતિ જિજ્ઞાસુ (૨)
નિરંતર અંતર અરપે, જ્ઞાનાર્થિ આંસૂ. જય૦ ૬
નમિ નમિ વિષ્ણુ સ્તવન કરીયે આનંદે (૨)
જય જય વિષ્ણુ વરેણ્ય, વરિષ્ટ શિષ્ટ વંદે. જય૦ ૭

ભાવાર્થ.—બ્રહ્મરૂપ જે વિષ્ણુ જેમાં સ્વાભાવિકપણે વ્યાપકપણાનો ગુણ રહેલો છે એવા અને નિર્લેપ અને દુઃખનું નિવારણ કરનાર એવા **જય જય**કાર કરનાર જે દેવ તેમને હું નમસ્કાર કરૂં છું.

હે સૃષ્ટિના નિયંતા ભગવાન ! તમારા પ્રગટપણાનો ભાવ સર્વત્ર વ્યાપી રહ્યો છે. વળી તમે જગતનું રક્ષણકર્તા અને સુખદાતા સ્વભાવિકપણે છો. માટે તેવા **જય જય**કારી દેવને હું નમસ્કાર કરૂં છું. ૧

વળી તમે આનંદમય છતાં મહાબ્રહ્માંડને વિષે સાકાર અને નિરાકારરૂપે ભકતોની વૃત્તિ પ્રમાણે છો. વળી પીંડ બ્રહ્માંડને મહા બ્રહ્માંડના આદિથી તે અંત સુધી વેદમાં પ્રમાણરૂપ છો. ૨

નિર્વિકારરૂપ જે ઓમ્ પ્રણવની અકાર, ઉકાર અને મકારાદિ માત્રા તે મહાઋષિ પોતાના હૃદયરૂપી કમળમાં નિરંતર ધારણ કરે છે. ૩

વળી કુંડલીની શક્તિ સર્પાકારમાં શયનરૂપે રહેલી છે. હે પંચમહાભુતના ઉત્પન્ન કરનારા કૂટસ્થરૂપ ચૈતન્ય તમે બીરાજમાન છો. ૪

વળી **તત્વમસિ બ્રહ્માંસ્મિ શિવોહં** અને સોહં એ પણ ભેદરહિત એકજ છે. એટલે તું અને હું એકજ રૂપ છઇએ એવા મંત્રથી સમષ્ટિ અને વ્યષ્ટિના ખેલમાંથી તરાઇ શકે એવી હે **પરબ્રહ્મ** કરૂણા કર. ૫

જીજ્ઞાસુ જનોને આ આરતિ ત્રૈલોકમાં મંગળ કરનારી છે. અને જ્ઞાનરૂપી અર્થ નિરંતર મેળવવા માટે આંસુ પાડી આ આરતિ કરીએ છીએ. ૬

વિષ્ણુ ત્રૈલોક્યના **નાથ** શ્રેષ્ઠ અને સભ્ય એવા તમે **જય જય**-કારી તેમને પ્રાર્થના કરીને આનંદ સહિત નમીયે છીયે. ૭

આરતી. ૫

જયદેવ જયદેવ જય આત્મારામ
જળહળ નિર્મળ જ્યોતિ સુખશાંતિ ધામ ॥ જય
કોહંકોહં મનને, મથીઆ બહુ યોગી
આશાને આથડતા નિશદિન ભવ ભોગી ॥ જય
પંચકોશ કે ઇંદ્રી, મન બુદ્ધિ વાણી
પ્રકૃતિ કેરી તુજને, વ્યક્તિ નથી જાણી ॥ જય
આદિ અંત અક્ષરમય, રૂપ છે અહંતણું
વિશ્વ સમસ્ત સમાયું, તે તું કેમ ભણું ॥ જય
તેથી પણ પર તુજને, જન કો જાણે છે
અકળ નિરૂપં નિરંજન, નિગમ વખાણે છે ॥ જય
શીવોહં બ્રહ્મોહં, મુકતોહં સોહં
આનંદે અનુભવશે, જપશે જે કોહં ॥ જય
અસત મતાંતર ખસતાં રૂપ સાચું પ્રગટે
ભજતાં તુજને નિશદિન ભવભય સહજ મિટે ॥ જય

ॐ શ્રીગણેશાષ્ટક.

આરતી.

જય કરૂણામય ગણપતિ, ઇંદ્રિયગણ સ્વામિ;
ગુણિયલ ગુણી ગણમંડન, (૨) ગંભીર ઉરગામી જય૦ ૧
જય જય જય સુરગણ પુંગવ, શિવ સુખ અભિરામી,
મંગળ કાર્યની અગ્રે, [૨] તુજ પુજન જામી જય૦ ૨
તેત્રીશ કોટી દેવો. દિવ્ય તને વંદે,
તવ આજ્ઞા અવધારે (૨) રમતા તવ છંદે. જય૦ ૩
તું શ્રષ્ટા તું નિયંતા, આદ્ય વિરંચી કવી,
તવ સંકલ્પે ભ્રમતા, (૨) પૃથ્વી ચંદ્ર રવી. જય૦ ૪
તું ભર્તા, તું ધર્તા, તું કર્તા સંહર્તા,
ભવનો ઉદ્ભવ કર્તા. (૨) સ્વયમજ ઉદ્ધર્તા. જય૦ ૫
પાંચાલે બંગાલે, તવ ભક્તિ પ્રસરે,
કાશી ને મદ્રાસે, (૨) કુંજર મુખ વિચરે. જય૦ ૬
ઉરધર અંતર્વન્દ્ય, પાનાચંદ પ્રભો,
ભાલે ભર વચ ચંદન, (૨) શંભુ પુત્ર વિભો. જય૦ ૭

ભાવાર્થ.—ઉપનિષદોમાં ઈંદ્રિય ગણવિષે રહેલાં જ્ઞાનને ગણેશ [ગણ-ઇશ] સંજ્ઞા આપી છે. પાંચ ઇંદ્રિય અને મનનો સ્વામિ તેજ **આત્મા** અથવા **ગણેશ** છે તેથી તેને આ અષ્ટકમાં "ઉરગામી" નું વિશેષણ લગાડવામાં આવ્યું છે. સૂર્ય ચંદ્રાદીનો કીરણ સમૂહ, જલોત્પન્ન બાષ્પ સમૂહ, અને પ્રાણી વિદ્યુત્સમૂહ તથા પદાર્થની

અંતરગત વિજલી એ સર્વ ગુણવંતોના મંડળમાં **આત્મરૂપ** એવા **શ્રીગણેશ** અગ્રેસર છે. તે કેમ! કારણ કે યાવત્ જે સંસાર છે તે આપણાં આત્માને લેઇનેજ છે. [સંસાર• અથવા **જગત્** આત્માની કલ્પનાથી છે તેથી એ કલ્પક અથવા સૃષ્ટા) આત્માને સંપૂર્ણ સંસારનો સ્વામી અથવા જગન્નાયક સમજવો અને તેજ શ્રી ગણેશ વિનાયક છે, તેનો **જય** થાઓ, **જય** થાઓ. ઉપર કહેલાં સિદ્ધાંતે અનંત દેવતાઓના સામરાજ્યથી પણ એ આત્મરૂપ શ્રીગણેશ સર્વોપરિ છે માટે સકળ મંગળ કાર્યની પૂર્વે શ્રી ગણપતીની પૂજા પ્રથમ છે. એનો **જય** થાઓ, **જય** થાઓ. કેમકે એ દેવતાઓ જે સુખની ઇચ્છા કરી રહ્યા છે તે દિવ્ય સુખ અને શ્રી ગણેશ અનન્ય છે, એ શ્રીગણેશને વળી આમ પણ સંબોધવામાં આવે છે. હે ! દિવ્ય ! તેત્રીસ કોટી દેવતાઓ તને વંદન કરે છે, તેઓ તારી આજ્ઞા માથે ચડાવે છે અને તું આનંદ આભિન્ન છે, માટે આનંદ નાદે એટલે તારેજ છંદે તેઓ રમણ કરી રહ્યા છે. અહો ! શ્રી ગણેશ ઇંદ્રિય ગણદ્વારા તું તેમનો દ્રષ્ટા છે. તારો જય થાઓ, જય થાઓ. અહો શ્રી ગણપતિદેવ ! તુંજ આ વિશ્વને ધારણ કરી રહ્યો છે અને તેનું ભરણ પોષણ તુંજ કરે છે. વળી પોતાની કલ્પનાએ કરીને તું સર્વની રચના કરે છે અને પાછો તેનો નિરવિકલ્પતારૂપી સંહાર પણ તુંજ કરે છે. અહો ! મૃગજલ જેવું આ જગત તારા સંકલ્પના આવિર્ભાવે કરીને ભાશે છે. અને તારી નિર-

વિકલ્પતામાં તેનો ઉદ્ધાર રહેલ છે. એવા પ્રકારે જેને કાંઇ ઉપમાજ દેવાઇ શકતી નથી તેવા અનન્ય દેવ શ્રી ગણેશ પાંચાલ, બંગાળ કાશી પ્રદેશ અને મદ્રાસ મધ્યે અર્થાત અખિલ ભારતવર્ષમાં એવું ઐક્ય પ્રદાન કર. અને તેમ થયું છે કે નહી તે દર્શાવવા જ્ઞાપક ચિન્હાર્થે આખા દેશમાં ઠામ ઠામ તારી સાર્વત્રિક ભક્તિ, પૂજા થાઓ, અહો ! શ્રી ગણેશ આત્મ રૂપ અંતર્યામી, હું તને અંતર દ્રષ્ટિએ કરીને વંદન કરૂં છું અને તારા અલૌકિક લલાટમાં મારા આ વચન રૂપી ચંદન ગંધને પ્રસારૂં છું તે તું લક્ષમાં લે, તારો જય થાઓ, જય થાઓ.

ॐ शान्तिः शान्तिः शान्तिः

પરમાત્માની સ્તુતિ.

૧

त्वमेव माता च पिता त्वमेव त्वमेव बंधुश्च सखा त्वमेव ।
त्वमेव विद्या द्रविणं त्वमेव त्वमेव सर्वं मम देव देव ॥ १ ॥
कायेनवाचामनसेन्द्रियैर्वा बुद्ध्यात्मनावाप्रकृतिःस्वभावात् ।
करोमि यद्यत्सकलं परस्मै परात्परायेति समर्पयामि ॥ २ ॥

ભાવાર્થ.—હે પરાત્પર ઉત્તમોઉત્તમ (સઘળાનું ઉપાદાન કારણ) તમે મારા માતા પિતા છો, તમે બંધુ અને મિત્ર છો. તમે વિદ્યા અથવા જ્ઞાન અને દ્રવિણ એટલે હિરણ્યગર્ભરૂપ સઘળી સમૃદ્ધિ તમેજ છો. તમે જે સર્વ દેવના દેવ તે મારા દેવ છો. એવા તમને મારી કાયા, વાણી, મન, બુદ્ધિ અને ઇંદ્રિયોનાં સમૂહથી સઘળું અર્પણ કરૂં છું એટલે તમારામાં સઘળું લીન કરૂં છું.

दृत दृंहमामित्रस्य मा चक्षुषा सर्वाणि भूतानि समीक्षन्ताम्
मित्रस्याहं चक्षुषा सर्वाणि भूतानि समीक्षे ।
मित्रस्य चक्षुषा समीक्षामहे । य० ३६ । १८ ॥

ભાવાર્થ.—હે અનન્ત બળ મહાવિર ઇશ્વર! "दृते" હે દુષ્ટ સ્વભાવ નાશક:, વિદેણુ કર્મ અર્થાત્ વિજ્ઞાનાદિ શુભ ગુણોના નાશ કર્મ કરવાવાળા મારા **આત્માદિને** વિદ્યા, સત્યધર્માદિ શુભ ગુણોમાં

સદૈવ આપની કૃપાથી સ્થિર કરો. " इहंमा " હે પરમેશ્વર ભગવાન્ ધર્મ, અર્થ, કામ અને મોક્ષઆદિ તથા વિદ્યા વિજ્ઞાનાદિ દાનથી મારામાં અત્યંત વધારો કરો. "अत्रामित्रस्येत्यादि०" હે સર્વ સુહૃદયેશ્વર ! સર્વાન્તરયામિ ! સર્વ ભૂતપ્રાણીમાત્ર મિત્રદષ્ટિથી બરોબર મને નિહાળે સર્વ મારા મિત્ર થાઓ, કોઇ મારી સાથે કિંચિત માત્ર પણ દ્દૂર કરે નહિ. " मित्रस्याहं चेत्यादि" હે પરાત્મા ! આપની કૃપાથી હું પણ નિર્ભય થઇને સર્વ ભૂતપ્રાણી અને ચરાચર જગતને મિત્રદષ્ટિથી મારા પ્રાણવત પ્રિય જાણું. અર્થાત્ " मित्रस्य, चक्षुषेत्यादि " પક્ષપાત છોડીને સર્વ દેહધારી જીવંનમાત્ર અત્યંત પ્રેમભાવથી પરસ્પર પોતાનું વર્તન કરે, અન્યાયથી દૂર રહીને કોઇનાપર કદી પણ અમારૂં વર્તન થાવ નહી એજ **પરમધર્મ**નો સર્વ મનુષ્યોને માટે **પરમાત્મા**એ ઉપદેશ કર્યો છે. સર્વએ તેનોજ માન્ય અને સ્વીકાર કરવો યોગ્ય છે.

શાંતિ મંત્ર.

ॐ द्यौः शान्तिरन्तरिक्षँ शान्तिः
पृथिवीशान्तिरापः शान्तिरोषधयः शान्तिः
वनस्पतयःशान्तिर्विश्वेदेवाः शान्तिर्ब्रह्म शान्तिः
सर्वँ शान्तिः शान्तिरेवः शान्तिः सामा शान्तिरेधि ॥१॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ब्रह्मशान्तिः

ભાવાર્થ.—હે ! સર્વ દુઃખોની શાંતિ કરવાવાળા, સર્વ લોકની ઉપર જે **આકાશ** તે સર્વદા **અમ** લોકોને માટે શાંત (નિરૂપદ્રવ) સુખકારજ રહો. અંતરિક્ષ, મધ્યસ્થ લોકો અને તેમાં સ્થિત વાયુ આદિ પદાર્થ, **પૃથિવી,** પૃથિવીસ્થ પદાર્થ **જલ,** જલસ્થ પદાર્થ, **ઔષધિ,** તત્રસ્થ ગુણ, **વનસ્પિતી,** તત્રસ્થ પદાર્થ, **વિશ્વદેવ,** (જગતના સર્વ વિદ્વાન્) તથા **વિશ્વ*ઘાતક,** વેદમંત્ર ઇંદ્રિય, **સૂર્યાદિ,** તેના કિરણ, તત્રસ્થ ગુણ, બ્રહ્મ, પરમાત્મા, તથા **વેદશાસ્ત્ર** સ્થૂળ સૂક્ષ્મ, ચરાચર જગત્, એ સર્વ પદાર્થ અમારા માટે હે સર્વ શક્તિમાન **પરમાત્મન્**! આપની કૃપાથી **શાંત** (નિરૂપદ્રવ) સદાનુકૂલ સુખદાયક હો. મને પણ **શાંતિ** પ્રાપ્ત થાઓ જેથી કરી હું પણ આપની કૃપાથી દુષ્ટ ક્રોધાદિ ઉપદ્રવ રહિત થઇ **શાંત** થાઉં તથા સર્વ સંસારના જીવો પણ એ દુષ્ટ ક્રોધાદિ ઉપદ્રવ રહિત થાઓ.

ॐ शान्तिः शान्तिः शान्तिः

श्रीगुर्वास्था स्तौत्र.

ॐ श्रीसद्गुरुभ्योनमः

गुरुभावेन वंदेऽहं महागुरून् प्रतापिनः ॥
सर्वदा भक्तिभावेन शिष्टाचाराद्विभक्तिमान ॥ १ ॥
प्रसादंतु परांविद्यां प्रार्थयेतां सनातनीम् ॥
अज्ञान पापसंहंत्रीं निर्वाण मुक्तिदायिकाम् ॥ २ ॥
आस्थाऽऽढयोऽपि कुबुद्धिमानाशाजालसमन्वितः ॥
पंकेनिमग्न एवाह माश्लिष्ठो भवमायया ॥ ३ ॥
अंतर्याभ्यंतरात्मानं हृदिस्थमेवसर्वदा ॥
तत्त्वमसीतिकूजंत बधिरोनशृणाम्यहं ॥ ४ ॥
अंधोदेदिप्यमानेऽपि तदन्तःस्थप्रदीपके ॥
सन्मार्गननिरीक्षेऽहं गुरुपादरजोमयं ॥ ५ ॥
रजकस्थबलीवर्दो वस्त्राणिमलिनानितु ॥
पापभारंहिपृष्ठेन दुष्कर्मणा बिभर्म्यहम् ॥ ६ ॥
संसारगहनारण्ये शिलावत पतितोरम्यहम् ॥
कालस्वप्न अहल्येव मायासुरामदान्वितः ॥ ७ ॥
सद्गुरुदेवरामस्य सोत्कंठं प्रातिपालयन् ॥
पादांभोजप्रहारंतु मूक्तयर्थेहि निरंतरम् ॥ ८ ॥

मोक्षामृत पिपासार्त्तो मुक्ति गंगोदकं कदा ॥
अहोपास्यामि शान्त्यर्थे गुरुदेव प्रसादतः ॥ ९ ॥
प्रक्षुब्धेषु तरंगेषु मायया भवसागरेः ॥
गुर्वास्थैकमारित्रंमें निश्चलध्वसिनिलपवे ॥ १० ॥
पवनेषु प्रचंडेषु म्लानमुखामितस्ततः ॥
नूनंमत्कर्मजातेषु गुरुदेवा अवन्तुमाम् ॥ ११ ॥
पावयज्ञानगंगेमे 'सुपावित्रोदकेनते ॥
वत्सलाज्ञान विष्णोश्च त्वंमोक्षशान्तिदायिका ॥ १२ ॥
सर्वाणि पुण्यतीर्थानि हृदेशेयानिसन्तिमे ॥
मूढोह्रष्टुंनशक्नोमि मोहाज्ञानसमन्वितः ॥ १३ ॥
दीनमभ्यासयुक्तंमां विशुद्धब्रह्मविद्यया ॥
पावयन्तुमहात्मानः सुदृष्टगा भवतां सदा ॥ १४ ॥
अनेक जन्म पेषण्यां बहुकालेषु चूर्णितम् ॥
कर्मभिर्ममजातायां गुरुदेवा अवन्तुमाम् ॥ १५ ॥
ते सर्वेनुमहर्षयः सकरुणा सन्मार्गनिर्देशकाः ।
निर्वाणा विरताक्षयामृत भुजो दीर्घेक्षणाज्ञानिनः ।
शिष्यं मा ममेरा अवन्तु गुरवोऽत्र्यास्थामयं सर्वदा ।
तेष्वास्थासततं दृढामातिदिनंवृद्धिस्थिरांमाप्नुयात् ॥ १६

ॐ शान्तिः शान्तिः शान्तिः

ભાવાર્થ—ગુરૂભાવથી હું પ્રતાપી મહાન્સદ્દગુરૂઓને વંદન કરૂં છું, સર્વદા ભક્તિભાવથી અને શિષ્ટાચારથી ભાવ રાખું છું, ૧

સર્વથી ઉત્તમમાં ઉત્તમ વિદ્યા જે સનાતન છે, અજ્ઞાન અને પાપનો સંહાર કરનારી અને નિર્વાણપદ અને મોક્ષ આપનારી છે, તે પ્રસાદી હું માંગું છું ૨.

હું જોકે આસ્થાથી ભરેલો છું છતાં પણ કુબુદ્ધિવાલો આશા તૃષ્ણાની જાળમાં લપટાએલો, માયાના કાદવમાં હું પડેલો છું અને ભવમાયાથી માયાએ મને આલિંગન કર્યું છે. ૩.

અંતર્યામિ જે આત્મા છે તે જો કે મારા હૃદયમાં વસેલો છે અને ઝીણે અવાજે મને **તત્વમસી**ની સૂચના આપતો રહે છે છતાં હું બેહેરો અને સાંભળી શકતો નથી. ૪.

પ્રકાશતો દીપક જો કે મારામાં છે તોપણ હું આંધળો ગુરૂપાદની રજથી ભરાયલો સન્માર્ગ જોતો નથી. ૫.

ધોબીનો બળદ મલીન વસ્ત્રો જેમ પિઠપર લાધી ઉંચકિ લઇ જાય છે. તેમ હું મારી પિઠપર મારા દુષ્ટ કર્મોના પાપ ભારનો બોજો લઈ જાઉં છું ૬.

સંસારના ગહન અરણ્યમાં પથ્થરની માફક કાળસ્વપ્નમાં અહલ્યાની માફક પડેલો છું અને માયાની નિશાથી હું ચકચુર થયો છું. ૭.

હું અતિ ઉત્કંઠાથી સદ્દગુરૂદેવ નામના પગના કમળની લાતને માટે હંમેશ મુક્તિ મેળવવાની વાટ જોઇ રહ્યો છું. ૮.

અહો ! હું કે જે મોક્ષની અમૃત તરસથી આકુળવ્યાકુળ થઇ ગયો છું તે, શાંતિને માટે મુક્તિરૂપી ગંગાના પાણીને ગુરૂદેવની પ્રસાદીથી પીશ. ૯.

આ ભવસાગરમાં માયાથી ઉછળતા મોજાઓમાં મારી હોડી (મનુષ્યદેહ) કે જે આમતેમ અતિ ડામાડોલ થાય છે તેવા સમયમાં ગુરૂઆસ્થા એજ મારૂં સુકાન છે. ૧૦.

હું મારૂં મ્લાન મૂખ આમતેમ ફેરવતો રહ્યો છું અને ખરેખર મારા કર્મોથી નિપજતા તોફાની પવનોમાં તે ગુરૂદેવોજ મારૂં રક્ષણુ કર્ત્તા છે. ૧૧.

હે ! જ્ઞાનગંગા તારા સુપવિત્ર ઉદકથી મને પાવન કર. કારણ કે તું જ્ઞાનવિષ્ણુની બાળકી છે અને મોક્ષ-શાંતિને આપનારી છે. ૧૨.

મારા હૃદય પ્રદેશમાં જે સર્વ પુન્ય તિર્થો છે તે હું મુઢ મોહ અને અજ્ઞાનેભરપુર જોઇ શકતો નથી. ૧૩

મહાત્માઓ ! મને દીન અને અભ્યાસ યુક્ત ને અતિ શુદ્ધ બ્રહ્મવિદ્યાએ કરીને પોતાની કૃપા દૃષ્ટિથી મને પાવન કરો. ૧૪.

હે ! ગુરૂદેવો ! દિર્ઘકાળથી અનેક જન્મો મારા કર્મોથી નિપજેલી ઘંટીમાં હું બહુજ દલાઇ રહેલો છું માટે મારૂં રક્ષણુ તમે કરો. ૧૫.

તે સર્વ મહાન ઋષિઓ છે ! અતિ કરૂણાળુ છે અને સમાર્ગના ભોમીઆ છે. નિર્વાણના હમેશના અક્ષય અમૃતના પાન કરનારાઓ છે. દિર્ઘ દૃષ્ટિવાળા અને જ્ઞાનીઓ છે. એ અમર ગુરૂઓ મારૂં રક્ષણ કરે. હું એક શિષ્ય છું અને અતિ આસ્થાથી સદા ભરપૂર છું, મારી આસ્થા હમેશા દૃઢ થાઓ અને દીનપ્રતિદીન તે આસ્થા સ્થિર વૃદ્ધિને પામો. ૧૬.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

શાર્દુલ વિક્રીડીત.

આ સંસાર અપાર સાગર ઘણો. જોયો ભયંકારરે,
મોજાં ઉછળતાં શું પર્વતસમ, છે ઘોર અંધકારરે;
ત્રાસે કંપિત આવિને ચરણમાં પ્રીતે પ્રણામી શીરે
જોડી ઉભય પાણીને વિનયથી, હું વિનવું છું ધીરે
છો રૂપીવર શ્રીગુરૂવર તમે, મૂર્તિ દયાની ખરે,
કાંતિ તેજમયી અનંન્ત મહિમા શક્તિ વડી ઉચરે
નૌકા શ્રેષ્ટ સનાતની ધરમના છો આપ ધોરી ધણી
દૃષ્ટી કાંઇ કરો કૃપામય પ્રભુ હું રંક પ્રાણી ભણી
વેદો વા ઉનીપદો નથી ભણ્યો, ના યોગ કે શાસ્ત્રરે
પાપી કર્મની વાસના ભરિ કર્યું રે પુષ્ટ આ ગાત્રરે
જાઉં કયાંહી પ્રભુ કરૂં કશું હવે, એ લેશ સૂઝે નહીં
માયાથી બહુ મોહિ અંધજ બન્યો સદ્બુદ્ધિને ના લહી
તાપે તપ્ત બણું પરીશ્રમ થકિ પામ્યો ગતી હીનતા
રક્ષો હે ગુરૂદેવ રક્ષણ કરો, મારી લહી દીનતા
વિદ્યા પીયુષ પાઇને તૃષિતની પીડા મિટાડો તમો
પાણી પદ્મ વિશાળ મસ્તક મુકી શાંતી કરો આ સમે
વિવેકાંજનથી મુને વિમળ નેત્ર ફરી આપજો
મિથ્યા તર્ક વિતર્કના ભય ભર્યા કષ્ટો બધાં કાપજો
મૂને ધર્મ સનાતન ને દૃઢ કરી, ભીતી ભુંડીને હરો
હું પાષાણ મણી બણી તમતણી વ્યાખ્યા ઘણી વિસ્તરો.

ગીતી વૃત.

સંસારેથી દુર રહિ સુલભ વર્તવું સ્વબુદ્ધિ અનુસારે,
સુલભ લોકમતિ માર્ગે, જવું જ્યમ જલમાં તણાય તૃણ ક્યારે.
મહત્ કર્મ કરનારા, પ્રતિકુળ જગમાં સ્વબુદ્ધીથી વરતે,
પ્રૌઢ નાવ નિજ હેતુ સિદ્ધ કરે બહુ સમુદ્ર મસ્ત છતે.

ભાવાર્થ આનો અર્થ સમજવાથી મોટી શીક્ષા મળે છે. જે માણુસ સંસારમાંથીં વેગળા જઇ જંગલમાં કે પર્વતની ગુફામાં જઇને રહે છે તે પોતાની મરજીમાં આવે તેમ કરી શકે છે. તેમ કરવું તેને સહેલું છે, કેમકે ત્યાં તેને આડે આવે કે સારૂં.નઠારૂં કહે એવું કોઈ નથી. તેમજ સંસારમાં રહીને જેમ બધા લોક ચાલતા હોય તેમ ચાલવું તેઓની પાછળ પાછળ ઘસડાવું એ સહેલું છે. પાણીનો પ્રવાહ જ્યાં ઘાસના તણખલાંને ઘસડી જાય છે ત્યાં તણખલું જાય છે. પણ જે મોટા પુરૂષ છે એટલે મોટાં કામ કરનારા છે તે એવા નથી, તેઓ તો જનસમુહ વિરૂદ્ધ હોય છે તોપણ પોતાના બુદ્ધિ બળથી મોટાં કામ પાર પાડે છે. નવા ખરેખરા મોટાં ને સુધારાના કામ કરવામાં લોકો પહેલાં તો સામુ થાય છે, કેમકે તેઓ અણજાણ છે, એવાં વિઘ્ન આવતાં છતાં જેઓ પોતાનું કામ સિદ્ધ કરે છે તે ઘાસના તણખલાં જેવા નથી પણ મોટાં વહાણ જેવાં છે, કેમકે સમર્થ વહાણ પવન સામો હોય, દરિયામાં મોજાં મોટાં ઉછળતાં હોય, તોપણ દ્રઢતાથી પોતાનો માર્ગ કાપી કીનારે ધારેલી જગ્યાએ જઈ પહોંચે છે.

ગીતી વૃત

વ્યષ્ટિમાંહ્ય સમષ્ટિ, સમષ્ટિ માંહે સદાય વ્યષ્ટિ છે
સૃષ્ટિ માંહે દૃષ્ટિ, દૃષ્ટિમાંહે વિલાસી સૃષ્ટિ છે
પુષ્પ રહ્યું છે બિજમાં, પુષ્પ મહી તે સદાય બિજહેએ
બ્રહ્માંડે પિંડાડે, રચના એવી લહી સુજન મોહે

ભાવાર્થ–આ જગતની રચના ઘણીજ મર્મની ભરેલી છે. એકમાં અનેક અને અનેકમાં એક બાગમાં વૃક્ષ, વૃક્ષમાં બાગ, વૃક્ષ છે તો બાગ છે અને બાગ છે તો વૃક્ષનો સમુહ છે તેજ વ્યષ્ટિમાં સમષ્ટિ ને સમષ્ટિમાં વ્યષ્ટિ સૃષ્ટિ છે તોજ દૃષ્ટિ છે, અને દૃષ્ટિ છે તોજ છે. એ બે એક બીજામાં સમાયલાં છે, " આંખ મિચાઇ, ડુબ ગયે દુનિયા. " જયાં સુધી વ્યવહારિક દૃષ્ટિ છે ત્યાં સુધી જગત સાચું દેખાય છે, પરમાર્થિક રીતે વિચારતાં જગત મિથ્યા છે એટલે છેજ નહીં, આંખ જયાં લગી બહારનું જોય છે ત્યાં સુધી તે જગતને જોય છે, એ આંખનું કામ બંધ થયું કે જગત બંધ થયું જગતના સર્વ વિલાસનું સ્થાન આંખમાંજ છે.

માટે દૃષ્ટીમાં સૃષ્ટિ છે અને સૃષ્ટિમાં દૃષ્ટી છે બીજમાં વૃક્ષ અને વૃક્ષમાં બીજ બીજ ન હોય તો વૃક્ષ નથી અને વૃક્ષ ન હોય તો બીજ નથી એજ પ્રમાણે બ્રહ્માંડે તે પિંડે અને પિંડે તે બ્રહ્માંડે એ પ્રમાણે એક બીજાની સાથે એવી સંકળનાથી જોડાએલાં છે કે તેનો ઉંડો વિચાર કરતાં સર્વ બ્રહ્મમય ભાસે છે,

શ્લોકો.

હરિ હરિ જિભ તું નિત જલ્પજે
હરિ વિના જિવ અન્ય ન કલ્પજે
પળપળે હરિ કાજ તું તલ્પજે
સફળ આયુષ તું કર અલ્પજે

હે જીવ ઉંચી ગતિ જો ચહાએ
આધાર લેજે હરિનો સદાએ
આધાર હીના રૂડિ વેલડીરે
પાયે છુંદાએ, ધુળમાં પડીરે

માયા તણા લોચન દૃષ્ટિમાતે
વીંધ્યા પ્રમ-તો શરણેજ તાતે
રક્ષ્યુએ સુબુદ્ધિ કવચે રૂદે જે
સુ તિવ્રતિરો, કદિના વિંધેતે

ભાવાર્થ—માયા કોઇ ઘણીજ સુંદર મોહ પમાડે એવી સ્ત્રીના જેવી છે. એના નેનોમાંથી જે બાણુ નીકળે છે, જે ગફલતવાળા અસાવધ જીવોને જબરાં વાગે છે, ને તેઓ માયાને તાબે થઇ જાય છે. પણ સારી બુદ્ધિરૂપી કવચ જેણે પહેરેલું છું તેવા પુરૂષોને ગમે તેટલાં તિવ્ર બાણુ માયા મારે તોપણુ તે બાણુ નિષ્ફળ જાય છે, કેમકે સારી બુદ્ધિરૂપી-કવચથી તેની છાતીનું રક્ષણુ થયેલું છે. અને બાણુ ત્યાં નહિ વાગતાં પાછું ફરે છે.

गुरुस्तोत्र.

अखण्ड मंडलाकारं व्याप्तं येन चराचरम् ॥
तत्पदं दर्शितं येन तस्मै श्रीगुरवेनमः ॥ १ ॥
अज्ञानातिमिरान्धस्य ज्ञानाज्जनशलाकया ॥
चक्षुरुन्मीलितंयेन तस्मश्रीगुरवेन्नमः ॥ २ ॥
गुरुर्ब्रह्मागुरुर्विष्णुगुरुर्देवो महेश्वरः ॥
गुरुरेवपरंब्रह्म तस्मैश्रीगुरवेनमः ॥ ३ ॥
स्थावरंजंगमं व्याप्तं यत्किञ्चित् सचराचरम् ॥
तत्पदं दर्शितं येन तस्मैश्रीगुरवेनमः ॥ ४ ॥
चिन्मयंव्यापितंसर्वंत्रैलोक्यं सचराचरम् ॥
तत्पदं दर्शितं येन तस्मैश्रीगुरवेनमः ॥ ५ ॥
सर्वश्रुतिशिरोरत्न विराजितपदाम्बुज ॥
वेदान्ताबुजसूर्योयो तस्मैश्रीगुरवेनमः ॥ ६ ॥
चैतन्योशाश्वतो शान्तोव्योमातीतोनिरञ्जनः ।
बिन्दुनादकलातीतो तस्मैश्रीगुरवेनमः ॥ ७ ॥
ज्ञानशक्तिसमारुढस्तत्वमालाविभूषितः ॥
भक्तिमुक्ति प्रदाताच तस्मैश्रीगुरवेनमः ॥ ८ ॥
अनेकजन्मसंप्राप्तकर्मबन्धविदाहिने ॥

आत्मज्ञानप्रदानेन तस्मैश्रीगुरवेनमः ॥ ९ ॥
शोषणं भवसिन्धोश्चज्ञापनं सारसम्पदः ॥
गुरोः पादोदकंसम्यक् तस्मैश्रीगुरवेनमः ॥ १० ॥
नगुरोराधिकं तत्वं न गुरोरधिकंतपः ॥
तत्वज्ञानात् परंनास्ति तस्मैश्रीगुरवेनमः ॥ ११ ॥
मन्नाथश्रीजगन्नाथोमद्गुरुः श्रीजगद्गुरुः ॥
मदात्मासर्वभूतात्मातस्मैश्रीगुरवेनमः ॥ १२ ॥
गुरुरादिरनादिश्चगुरुः परमदैवतम् ॥
गुरोः परतरंनास्ति तस्मैश्रीगुरवेनमः ॥ १३ ॥

ભાવાર્થ.—૧ જે ગુરૂએ અખંડ મંડળાકારે ચરાચરમાં વ્યાપ્ત એવું (બ્રહ્મ) પદ દર્શાવ્યું તે સદગુરૂને નમસ્કાર.

૨ જે ગુરૂએ અજ્ઞાનરૂપી અંધકારથી અંધ થએલાં ચક્ષુ જ્ઞાનરૂપી અંજન ભરેલી સલીથી ઉઘાડયાં તે સદ્‌ગુરૂને નમસ્કાર.

૩ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર અને વળી જેમાંથી એ પણ ઉત્પન્ન થયા તે ગુરૂરૂપ છે માટે તેમને નમસ્કાર.

૪ સ્થાવર જંગમઆદિ ચરાચરમાં જે વ્યાપ્ત છે તે સ્થીતિનાં જેણે મને દર્શન કરાવ્યાં તે સદગુરૂને નમસ્કાર

૫ (સ્થૂળ સૂક્ષ્મ અને માનસિક) એ ત્રણે ભૂમિકામાં જે ચરાચર વ્યાપેલું છે તે પરબ્રહ્મનાં જેણે દર્શન કરાવ્યાં તે સદગુરૂને નમસ્કાર.

૬ જેના ચર્ણુ કમળ સર્વ શ્રુતિના મુખ્ય રત્નોથી સણુ ગારાયલાં છે અને વેદાંતરૂપી કમળને ખીલવનાર જે સૂર્ય છે તે સદગુરૂને નમસ્કાર.

૭ જે ચૈતન્યરૂપ, નિરંતર બિરાજીત, શાંત, આકારની પેલીમેર, નિરંજન, બિંદુ (માનસિક) નાદ (અરૂપ) અને કળા (નિર્વાણુ) થી પર છે તે સદગુરૂને નમસ્કાર.

૮ જ્ઞાન શક્તિવડે યુક્ત, તત્વમાળાથી સણુગારાઇ રહેલા અને જેથી ભક્તિ અને મુકિત મળે છે એવા સદ ગુરૂને નમસ્કાર.

૯ જન્માંતરનાં કર્મનાં બંધનોને આત્મજ્ઞાનરૂપ અગ્નિ થી જેણે ભસ્મ કરી નાંખ્યાં તે સદગુરૂને નમસ્કાર.

૧૦ જેનું પાદોદક ભવસાગરને શોષી નાંખી જ્ઞાનરૂપી સંપત્તિને ખુલ્લી કરી આપેછે તે સદગુરૂને નમસ્કાર.

૧૧ ગુરૂથી પર કંઇ તત્વ કે તપ નથી અને તત્વ જ્ઞાનથી કંઇ પર નથી માટે સદગુરૂને નમસ્કાર.

૧૨ મારો નાથ તે જગતનો નાથ છે, મારો ગુરૂ તે જગતનો ગુરૂ છે અને મારો આત્મા તે સર્વ ભુતનો આત્મા છે માટે સદગુરૂને નમસ્કાર.

૧૩ આદિ અનાદિ અને પરમ દૈવતરૂપ ગુરૂજ છે એથી-પર આ દુનિયામાં કંઇ નથી માટે સદગુરૂને નમસ્કાર.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

(કાફી.)

ગુરૂને બાત સુનાયા એ,
મુજકું ફકીર બનાયા એ, ટેક.
નિરાકાર શિરતાજ બનાયા,
નિર્ગુણ ઉજલી શેલી,
ચિદ્દાકાશકી કફની ડાલી,
હાથમે ચિન્મય ઝોલી. ગુરૂ. ૧
આત્મ જ્ઞાનકા દીયા કટોરા,
ઘર ઘર ટુંકા માગે,
કામ ક્રોધકી ધૂન લગાઇ,
અનહદ લંગાર બાજે. ગુરૂ. ૨
ઔટહાથકા માનવ પીંજરા,
સોહં પોપટ બોલે,
નિરંજન રઘુનાથ હુકમસેં,
અંતરકા પટ ખોલે. ગુરૂ. ૩

૩ ગુરૂસ્તુતિ.

હોરી—રાગ કાફી.

ધરિ હું તમારૂં ધ્યાન, ઋષિજી સ્તવન કરૂં છું. ધરિ. ટેક,
આપ કૃપા ઋષિપુરણ હું માગું, માગું અધિક શું હું માન,
સદા એ પાપથી હું ડરૂં છું, ધરિ૦ ઋષિજી૦ ૧
આરે પ્રપંચમાં જોકે રહ્યો, પણ છે સતનું કાંઇ ભાન,

સદાએ મસ્ત હું ફરૂં છું, ધરિ૦ ઋષિ૦ ૨
ક્યારે નિહાળું ઋષિ તમ આશ્રમ, જે અતિ સુખમયધામ,
આશાએ ડગ હું ભરૂં છું, ધરિ૦ ઋષિ૦ ૩
સાગર મોટો નવ સુજ પડે, ઋષિ જોઇએ સુકાની નિદાન.
વિકટ આ ભવ હું તરૂં છું, ધરિ૦ ઋષિ૦ ૪

ગુરૂનું ધ્યાન.

પ્રભાત.

ધ્યાન ધર ધ્યાન ધર નિત ગુરૂ દેવનું,
સકળ મનકામના સિદ્ધ થાશે.
નામ ગુરૂ રટી રટી મન વિકારી મટી,
એક અવિનાશી પદ તરફ જાશે. ટેક.
વિકટ માયા તણી જાળમાં તું ફસ્યો,
કર કશો ખ્યાલ શું જો નિરાશે;
છોડ આકાશ પરકાશ અનુભવ કરી,
મુકત થા કાળ તુજને ન ખાશે. ધ્યાન૦ ૧
વિવિધ ઉપભોગ અજ્ઞાનના રોગ એ,
જ્ઞાનનાં જોગકર તું વિચારી;
કાં અવિચારી થઈ લુબ્ધ થા નારિશું,
શુદ્ધ ને બુદ્ધ કયાં તેં વિસારી. ધ્યાન૦ ૨
સત્યનો પંથ નિશ્ચય કરી ગ્રહણ કર,
ભ્રમણ કર વ્યર્થ શિદ જા ન હારિ;
ઠારી તુંજ હૃદય ગુરૂબોધ આભારિ,

આભારિ થઇ પ્યારથી લે સ્વીકારી. ધ્યાન૦ ૨

હઠ કરી મનતણો રોધ તું કાં કરે,
શાઠ નહિ ક્રોધ હઠથી તું વામે;
શોધ કર શુદ્ધ થઇ યુદ્ધ અજ્ઞાન શું,
બુદ્ધિ એથીજ વિસ્તાર પામે, ધ્યાન૦ ૪

રજ્જુમાં સર્પ નહિં દર્પ તજી ભાન કર,
ઉઠ બ્રહ્મ ગાન કર આઠ જામે;
આમ નિષ્કામ હરી શુદ્ધ થઇ જો ભજે,
તો મૈઐ પરમપદ તું વિરામે. ધ્યાન૦ ૫

ૐ

ગુરૂ સ્તુતિ.

જેણે સમસ્ત જનમંડળ હિત કાજે
નિર્વાણ દુર્લભ મળેલ ત્યજયુ પ્રીતેને,
આ સ્થૂળ ભુવન વિષે વસવું અરણ્યે
સ્વીકાર્યું, તે જીવન મુક્ત ગુરૂજનોને ૧

કોટી પ્રણાંમ કરીએ શીશનામી ચર્ણું;
દયો શક્તિ કાર્ય કરવા તમ દાસ સર્વે
દયો શક્તિ જ્ઞાન રવિનો ઝીલવા પ્રકાશ.
દયો ભક્તિ બાળગુરૂનો કરવા સ્વીકાર ૨

સર્વત્ર આ જગતમાં શુભ શાંતિ વર્ષો.
ને ભ્રાતૃભાવ જન મંડળ માંહિ સ્થાપો.
હે જ્ઞાનમૂર્તિ ગુરૂદેવ ! તિમિર ટાળો.
હે પ્રેમમૂર્તિ ગુરૂ ! પ્રેમ ઉરે પ્રકાશો. ૩

૫ ઋષિ આશ્રમ.

ગરબો.

જાણ્યું મેં આશ્રમ આજે રે, ઋષિ જાણ્યું મેં આશ્રમ આજે, આજે આજે આજે રે, ઋષિ જાણ્યું મેં આશ્રમ આજે. ટેક.

જાણ્યું મેં આશ્રમ મેરૂપર્વત,
રહ્યા છો શુભ નિવાસે રે, ઋષિ૦ ૧
સતયુગ ત્રેતા દ્વાપર કલિ
જોયા છે ચારે જુગ જાતે રે. ઋષિ૦ ૨
ચારે યુગમાં જે શુભ કૃત્યો,
કિધાં છે સંસ્કાર કાજે રે. ઋષિ૦ ૩
દેવાપિ અને **મરુત** સ્વામી,
પ્રસિદ્ધ વેદપુરાણે રે. ઋષિ૦ ૪
સતયુગ ત્રેતા દ્વાપર યુગે,
પ્રગટ સ્વરૂપે વિરાજે રે. ઋષિ૦ ૫
કલિયુગ વ્યાપ્યો દારૂણ રૂપે,
રહ્યા છો શુભ હિમાળે રે. ઋષિ૦ ૬
મોરેશ્વર અને **કૌથમિ** નામે,
પ્રસિદ્ધ જાણ્યા છે મેં આજે રે. ઋષિ૦ ૭
એજ ઋષિઓએ કરૂણા આંણી,
કાલ કલિ ને જાણિ રે. ઋષિ૦ ૮
પ્રેરણા પ્રસારી વિદ્યુત રૂપે,
યોગિતણા તે ભુપે રે. ઋષિ૦ ૯

ચારે ખંડમાં વ્યાપિ રહી છે,
તંતુ રૂપે તે થઇ છે રે. ઋષિ૦ ૧૦
ગુપ્ત વિદ્યુતે જે કારજ કિધાં,
મન હુરણુ કરી લીધાં રે. ઋષિ૦ ૧૧
કાલ કલિમાં સતયુગ વ્યાપ્યો,
ધર્મ સનાતન સ્થાપ્યો રે. ઋષિ૦ ૧૨
બ્રહ્મ સભાઓ ચારે ખંડમાં,
સ્થાપનૂ થઈ છે આનંદમાં રે. ઋષિ૦ ૧૩
ઉત્તર ખંડે **મયાદેવી**.રહી છે,
આજ્ઞા ઋષિની થઈ છે રે. ઋષિ૦ ૧૪
પાતાળ સ્થાને પુરૂપ પ્રગટી,
પ્રગટી છે સતયુગ શ્રષ્ટિરે. ઋષિ૦ ૧૫
પ્રકૃતિ પુરૂષના શુભ ગુણ જાણી,
વૃત્તિ મુમુક્ષુનિ તાણિ રે. ઋષિ૦ ૧૬
દંડકારણ્યમાં જે પ્રેરણા થઇ છે,
અચળ **તે તો** રહી છે રે. ઋષિ૦ ૧૭
સનાતન ઉત્તમ ધર્મને પાળો,
અશુભ કર્મને બાળો, રે. ઋષિ૦ ૧૮

હરિગીત છંદ.

નિકટ ભુમા નિકટ માયા સંગમે શક્તિ રહી,
તે વિશે માહાતત્વમાંથી ત્રિગુણની રચના થઇ;
રજોએ બ્રહ્મ સ્વરૂપે તન્માત્રા પાંચે કરી,

શબ્દ સ્પર્શ રસ રૂપ ગંધે પ્રબળ શક્તિને ધરી. ૧
સત્વ તે વિષ્ણુ સ્વરૂપે યગપાતા યશમા રહી,
મન બુદ્ધિ અહંકાર ચિત્ત અંતઃકરણ યુક્તિ ગ્રહી;
તમો ગુણહરી રૂદ્રરૂપે પંચભૂત મમતા ધરી,
ત્રિગુણ દેવ ઓમ્‌કારરૂપે **સૃષ્ટિની** રચના કરી ૨
અંતઃકરણ પરિછિન્ન ચેતન પ્રમાપદ ધારણ કરી,
પ્રમાણરૂપ પરિછિન્ન વૃત્તિ કરણ કરણતા ધરી;
દ્વંદ્વ ચૈતન્ય યોગ થઇને પ્રમિતિ અર્થે જાઇ,
પદ અર્થનો સંયોગ થઇને પદાર્થે માયા બઇ. ૩
શુદ્ધ સત્વ પરિછિન્ન ચેતન ઇશ્વરિ શક્તિ ધરી,
બુદ્ધિમાં આભાસ સાથે કર્મ ફળદાતા હરી;
મલિન સત્વ પરિછિન્ન ચેતન જીવપદ અજ્ઞાનથી,
ધર્મ સુખ અધર્મ દુઃખને પામે નિજ અભિમાનથી. ૪
ભુલી **બ્રહ્મ**પદ ભ્રમિત થઇને પરિતાપ પામે સદા,
સર્વજ્ઞ પણ અલ્પજ્ઞ માની નિજશક્તિ જાણે નવ કદા;
અંતર ગંગા અંતર યમુના, અંતરમાંહે સરસ્વતિ.
અંતર કાશી, અંતર ગોકુળ, અંતરમાં દ્વારામતી ૫
અંતર સિંધુ અંતર રેવા અંતરમહી ગોદાવરી,
બ્રહ્માંડની અનહદ રચના પુરી રહી **સોહં**પુરી;
અવિદ્યા અધિષ્ઠાન ચેતન. નામરૂપ આધાર જે,
અસ્તિ ભાતિ પ્રિય ગુણે નિરાકાર સાકાર તે. ૬
નિર્વિશેષ નિર્લેપ **આત્મા** નિત્યમુક્ત કૂટસ્થ જે,
દેશ કાળ ભેદી રહ્યો પણ દેશકાળ વિરક્ત તે;
ધ્યેય ધ્યાતા એક **અદ્વૈત** પુરાણ **બ્રહ્મ** વિભુ સદા,

કર્તા અકર્તા પૂર્ણ જ્યોતિ નઃસિંગે સંગે તથા. ૭
દુર નહીં સમીપ નહીં ગણુ સ્વયંભુ નિજરૂપ છે,
કલ્પવૃક્ષ પુરણ આનંદ સર્વરૂપ નિરૂપ તે;
ઉપદેષ્ટા તે વિશ્વ કારણ પુરૂષોત્તમ ઉત્તમ સદા,
ધર્મરૂપ અનંત જ્યોતિ પરમ આનંદ સર્વદા ૮

૬ મનોપદેશ.

૧ ભૈરવી.

(પીયા પાપી ન જાગે જગાય હારી રે—એ રાહ.)

મન મેરો ન માને મનાય હારો રે.
ઇશ્વર સચ્ચિદાનંદ સ્વરૂપમેં,
લાગત નાહીં લગાય હારો રે.—મન મેરો. ૧
નિજ હિતઅનહિત સુખ અરૂ દુઃખ જો,
બુઝત નાહીં બુઝાય હારો રે.—મન મેરો. ૨
કુબુદ્ધિ કુસંગ કુકર્મ કુપંથ તે,
હટત નાહીં હટાય હારો રે.—મન મેરો. ૩
વેદોક્ત કર્મ ધર્મ અરૂ સંયમ.
સમુઝત નાંહિ સમઝાય હારો રે.—મન મેરો. ૪
ચંચલ ચિત્ત કિશોર ઐસો યહ,
ઠરૅત નાહિ ઠહરાય હારો રે.—મન મેરો. ૫

૨ ગઝલ.

("જીને આપકું જોયા નાહિં, મનમૈલકું ધોયા નહિ."—એ રાહ.)

ધિક્કાર છે આ દેહને જો ધ્યાન હરિનું ના ધર્યું—ટેક.
ફુલિ ફાલિને ફંદે ફર્યો, ફળિતાર્થના મનમાં ધર્યો,
નિજ ધર્મ કર્મજ વિસર્યો, ચિત્ત વિષયમાં ચોંટી રહ્યું.—ધિ ૧
ઠગવાની બહુ બાજી રચે, મન માન મોહ મંહી મચે,
પરમાર્થ વાત નહિ રૂચે, નીજ સ્વાર્થમાં સઘળું ગણ્યું—ધિ. ૨
તન ખાખ આ બળિને થશે, રતિમાત્ર સાથ ન આવશે,
જન વાત વળતી બોલશે, સારૂં કે નરસું જે કર્યું—ધિ. ૩
પળ પણ પ્રપંચ મુકે નહીં, ક્ષણ પણ નિવૃત્તિ તો કંહી,
અવસર નકામો જાય વહિ, જળબિંદુ જ્યમ પત્રે ઠર્યું—ધિ. ૪
નિઃસાર જાણે ને જુએ, નિજમૂર્ખતા ન જરા ખુએ,
અંતે વિમાસીને રૂએ, એ તે ન ખરચ્યું વાવર્યું—ધિ. ૫
ભેગું કર્યું એ નામનું, નથી હાડ કે એ ધામનું,
જોકે થયું નહિ કામનું, સાચવિ સંચી જે ભર્યું.—ધિ. ૬

---

૩ પદ–કેદારો.

("જીભલડી રે તને હરિગુણ ગાતાં આવડું
આળસ કયાંથી રે") એ રાહ.

ઉઠી પ્રેમે પ્રભાત પહોરે, પ્રભુનું ચિંતવન કરીએ રે,
તનથી મનથી શુદ્ધ થઇને, નિત્યકર્મે આચરિયે રે.—ટેક.
ત્રિકાળ સંધ્યા ગાયત્રીથી, દોષ દૂર સહુ કીજે રે,
પ્રેમે પૂજન ભજન કરીને, હરિચરણામૃત પીજે રે. ઉ૦ ૧

કામ ક્રોધ મદમોહ વિદારી, વૈરાગ્યે મન વાળી રે,
જગનો સંધો ધંધો કરતાં, શુદ્ધ ટેક સંભાળી રે, ઉ૦ ૨
કાયા વાચા અને મનેથી, કરીએ સહુનું સારૂં રે,
એક કુટુંબી ભાઇ-બેન સહુ, એ નિશ્ચય ન વિસારૂં રે. ઉ૦ ૩
એક પિતા અખિલેશ્વર ઇશ્વર, પાલક પોશક રક્ષક રે,
કાન ભજન કર નિત્યે તેનું, ઉરથી થઇ ઉપાસક રે. ઉ૦ ૪

ઉપેંદ્રવજા છંદ.

અરે ! રૂડો માનવ દેહ આવ્યો, પ્રતાપી પ્રભુએ બનાવ્યો,
તમો ચહો જો હિત સૌ તમારૂં, કરો કરો કાંઇક કામ સારૂં.
આયુષ્યમાંથી પલ ઓછી થાય, મહા મુલી તે નવ મેળવાય,
જરૂર આ જીવન તો જનારૂં, કરો નહિ આ આયુષ નકારૂં.

૭ સનાતન ધર્મ.

પદ.

સનાતન ધર્મ તે આદિજ ધર્મ
લહો તેનો આર્યજનોએ મર્મ ॥ સના.
બીજા થયા ધરમ તે ધરતીની માંહી
હજારોથી વરસની ગણુતિ ગણાઇ
કહીં વૃદ્ધ સાથ શિશુની સરસાઇ ॥ સના. ૧
હતું રે નહી, બિજ એનું, અલ્પમતીમાં
જુએ તર્કવાદી તે ઉલટી ગતીમાં
ક્વચિત કોઇ સમજતા હરીની કૃતિમાં ॥ સના. ૨

પ્રથમ જવ પ્રગટી મનુષ્યની જાતી
ભલે બાલપણમાં અજ્ઞાન જણાતી
રહી દૃખી રક્ષણ વણ શું પિલાતી. ॥ સના. ૩
અરે નોતી પ્રભુની કઠિન થઇ છાતી
અતી કરૂણાળુ છે જેહની ખ્યાતી
તેને કૃતી એવી તે નહિજ સુહાતી ॥ સના. ૪
થઇ પોતે આપ ઉંચા અવતારી
કિધો જ્ઞાન ઉપદેશ જનહિત કારી
પરમ ગુરૂ રૂપ સ્વકીર્તિ વધારી ॥ સના. ૫
પરંપરા ચાલિ છે ગુરૂઓ તણીરે
રહ્યું, બીજ તરૂવર ભવ્ય બણીરે
લિએ એનો આશ્રય વ્યક્તિ ઘણીરે ॥ સના. ૬
જુદી જુદી શાખ થએથી પ્રસારી
રહ્યા બહુજન તહિં આશ્રય ધારી
મરમ લિયો સુજ્ઞ તે સમજી વિચારી ॥ સના. ૭
ઉઠયા ઉતપાત નિકટમાં અનેક
સહજ પણ મુળથી ચળ્યું નથી નેક
કંઇક શાખ મરિગઇ થઇ છુટી છેક ॥ સના. ૮
કુટિલ કાળથી તે સહજ કરમાએ
પ્રગટ કોઇ દિવ્ય પુરૂષ તવ થાએ
પુનર રૂપ શિઘ્ર તેનું પલટાએ ॥ સના. ૯
સબળ અતી ધર્મ સનાતન સોહે
જગત જન સાવધ થઇ સહુ જોએ
જોતાં અતી વિસ્મય થઇ મન મોહે ॥ સના. ૧૦

સેવો સેવો ધરમ સનાતન સેવો
નથી દિવ્ય પૂર્ણ અપર કોઇ એવો
પરમ સુખશાંતિ લિયો થઇ દેવો ॥ સના. ૧૧

---

૨ ગરબો.

(કોને બજાઇરે મહારાજ, બંસુરી કોને બજાઇ) એ રાગ
ધર્મ પાળો નરનાર, **સનાતન ધર્મ**ને પાળો,
જ્ઞાન તણો ભંડાર, ખજાનોં રત્નનો ભાળો, ટેક.
ધર્મ સનાતન આ ઘડી, સંભળાવું નરનાર,
જે ગુરૂની કૃપાવડે, મેળવ્યો મેં એનો સાર. સ. ધ. જ્ઞા. ૧
પહેલો ધર્મ તમે સુણો, **ધિરજ** ધરો દિલમાંય,
દુ:ખ અનેક દેહે પડે, નહિ હિમ્મત હારો કયાંય. સ. ધ. જ્ઞા. ૨
ધર્મ બીજો કહું આ સમે, **ક્ષમા** તેહનું નામ
શાંતિ રાખી સદા રહો. સિદ્ધ થશે સૌ કામ. સ. ધ. જ્ઞા. ૩
ધર્મ ત્રિજો સુણો હેતથી **દમ** કહુંછું આચાર;
શિતઉષ્ણથી ડરવું નહિ, દુ;ખ પડે જો અપાર. સ. ધ. જ્ઞા. ૪
અસ્તેયં ચોથો ધર્મ છે, અચોરી એનું નામ;
વિશ્વાસઘાતી ચોરછે, બાળોજડથી એનું નામ. સ. ધ. જ્ઞા. ૫
કહું છું ધર્મ પાંચમો **શૌચ** છે મહાગુણવાન;
બાહ્યાંતર નિર્મળ કરી, એક ચિત્તે ભજો ભગવાન. સ. ધ. જ્ઞા. ૬
ઇંદ્રિનગ્રહ છઠ્ઠો છે, **ધર્મ સનાતન** સાર;
ઇંદ્રિવશમાં રાખીને થાઓ જિતેન્દ્રિય નરને નાર. સ. ધ. જ્ઞા. ૭
બુદ્ધિ ધર્મ છે સાતમો, સુખદાતા છે શ્રેષ્ઠ;
એનું જો સેવન કરો, લઇ જાશે જ્યાં પરમેશ. સ. ધ. જ્ઞા. ૮

હવે આઠમો ધર્મ જે **વિદ્યા** દેવીનામ.
એથી ઋષિમુનિઓ ગયા, **સચ્ચિદાનંદ** ધામ. સ. ધ. જ્ઞા. ૯
હવે **સત્ય** નવમો સુણો. ધર્મ **સનાતન** સુભ;
સત્યમેવજયતિ વદો, અસત્યતો બહુ છે અશુભ. સ. ધ. જ્ઞા. ૧૦
દશમો ધર્મ **અક્રોધને**, પાળો તમે જરૂર,
શત્રુ મટી મિત્રો થશો, તમો થાશો કદિ નહિ ક્રુર. સ. ધ. જ્ઞા. ૧૧
હજુ રહ્યો છે આ સમે, **અહિંસા પરમો ધર્મ;**
આત્મા સર્વનો એક છે, દયા રાખી કરો શુભકર્મ. સ. ધ. જ્ઞા. ૧૨
એ રીતે ટુંકે કહ્યો, સત્ય ધર્મનો સાર;
ધર્મસનાતન શુભ એ, તમે પાળો અવસ્ય નરનાર સ. ધ. જ્ઞા. ૧૨

૮ સનાતન ધર્મસભાનો ઉદ્દેશ.

(જય જગત્પતિ, પ્રભુ આપ સન્મતિ. ભરત ભૂમિભ્રાત
માટે કિધી આકૃતિ.)–એ રાહ.

હવે સૌ **સભાજનો**, વિનવિયે અમો
કેવો **ધર્મ સનાતન** તે, સુણજો તમો.–ટેક.
ધૃતિ, ક્ષમા દમ, અસ્તેયં શૌચમિંદ્રિયનિગ્રહ
ધીર્વિદ્યા સત્યં અક્રોધો દશ ધર્મ શિગ્રહ. હવે. ૧
એ શિવાય પણ વળી એક છે, **અહિંસા પરમોધર્મ**
ભાવિક ભોળા ભકતોને હજુ, જડયો નથી ખરો મર્મ હવે. ૨
તે તો સમજે જીવજંતુની હિંસા નવ કરવી,
જુ માકડ મચ્છર આદિપર, દયા બહુ ધરવી. હવે. ૩
પણ જે મર્મ એમાં રહેલો; તે ભકતો નવ જાણે,

વેદવ્યાસે જે ભેદ બતાવ્યો, કહિએ આ ટાણે. હવે ૪
પ્રાણિમાત્રપર દયા રાખોને, મન નહિ દુભવવું,
મુખ્યત્વે કરી મનુષ્ય પ્રાણી વિશે અનુભવવું. હવે ૫
તન મન દ્રોહ કદિ કરવો નહિ, **આત્મ** સ્વરૂપ જાણી,
એ આજ્ઞાએ નહિ વરતે તો, હિંસા પરમાણી. હવે ૬
એજ ધર્મ મોટો છે બંધુ, જાણો તમો જરૂર,
એક બીજાનું શુભ ઇચ્છો, ને થાસો નહિ કદી ક્રૂર. હવે ૭
સાંસારિક સામાજીક સ્થિતિ, રાજકિય ધાર્મિક,
એ ચારેની સિદ્ધિ થાય, જો વૃત્તિ કરો **સાત્વિક.** હવે ૮
સાંસારિક તે ઘરની સ્થિતિ, જાણો બંધુજન,
વ્યાવહારિક સજ્ઞાતિની જાણો, જે સાંસારિક વન. હવે ૯
રાજકીય તે રાજ્યની ભક્તિ, શુણો કરી ભક્તિ,
એ રીતે એ ત્રણે સ્થિતિ, **ધાર્મિક** તે મુક્તિ. હવે. ૧૦
પ્રથમ કહ્યાં જે દશ લક્ષણને, **અહિંસા પરમો ધર્મ**
તેની મર્યાદામાં રહિને, કરો સર્વ શુભકર્મ. હવે. ૧૧
તિરસ્કાર કરવા **નથી** ચાહતા, કોઇપણ મારગનો
તેમજ તેને અસત્ય ગણતા, નથી આ સભાસદો. હવે. ૧૨.
માર્ગ ગમે તે સ્વીકારીને, **સત્ય** ભેદ જાણો,
જેથી મનોવિકાર મટીને, મળે જ્ઞાન ખાણો. હવે. ૧૩
મૂળ માર્ગસ્થાપક આચાર્યની, આજ્ઞા હતી એવી
કાર્ય કરો શુભ પરમાર્થના, **ધર્મ સનાતનને** સેવી. હવે. ૧૪
આત્મા સઘળે વ્યાપિક જાણિ, ભેદરહિત થવાય
તો સંપતણું સાધન થઇને, પછી મોક્ષ ગતિને પમાય. હવે. ૧૫

આ ધર્મ નથી નવોજ નિકળ્યો. પણ છે પ્રાચીનનો,
સત ત્રેતા દ્વાપાર યુગે. પાળતિ ચારે વર્ણો. હવે. ૧૬
મલિન મનની મૈત્રી રાખે, થાએ ન **ભ્રાતૃસંપ**
તેમજ ચિત્ત ભ્રમિત રહ્યાથી, કદિ વળે નહિ જંપ. હવે. ૧૭
આર્ય દેશમાં પ્રાચીનકાળે. આર્યપ્રજાનો સંપ
ધર્મ સનાતન પાળ્યો તેથી. દુર હતો કુસંપ. હવે. ૧૮
સમ વ્યાસને કદિ થાય ન સહેજે, ઐક્યતા આ ભવમાં
કૃપા કરીને આપ વિચારો, જુવો અનુભવમાં. હવે. ૧૯
બંધુસંપ જો કરવો હોય તો, **સાધન** એક છે આજ,
ધર્મ સનાતન પાળો જેથી, મંગળ વર્તે કાજ. હવે. ૨૦
એ રિતે **હમે** કહ્યો ટુંકમાં, સત્ય ધર્મનો સાર
જ્ઞાનામૃત વેદામૃતને જે, સુખતણો આધાર. હવે. ૨૧
સત્ય ધર્મનું રહસ્ય જે આ, સંભળાવ્યું તમને
એપ્રસાદિ**નોતમ** સંપાદકથી, અચળ મળી અમને. હવે. ૨૨
સ્થૂળ, સુક્ષ્મ, ને કારણ દેહે, જેહ **પડી** શુભ છાપ
ફળ સૌ સંપાદકનાં શ્રમનાં, છે ઉપકાર અમાપ. હવે. ૨૩
સમય નથી વિસ્તારજ કરવા, રહસ્ય ને ઉપકાર
ધર્મ સનાતન સત્ય ગણો કે, **અમૃતનો** ભંડાર. હવે. ૨૪
સુત્રાત્મા સર્વેનો એકજ જાણિને સઉ ઠામ
સભાજનો સર્વને પ્રેમે, કરિએ આમોં પ્રણામ. હવે. ૨૫

૨ નારાચ છંદ.

કરી કૃપા તમે ઘણી પધારિઆ રૂડા જનો
પ્રસંગ આ ઉમંગ આજ એ થકી થયો ઘણો
વળી કૃપા કરી વિશેષ પ્રીતથી પધારજો
ભ્રાતૃભાવ . પ્રેમભાવને સદા વધારજો. ૧
ભુલ ચૂક ખામી ખોડ કાઢવા કો પંથમાં
નથી ઉદ્દેશ આ સભાસદો તણાજ મનમાં
સર્વ પંથ માર્ગ માંહિ સત્ય તો સદા રહ્યું
મધ્યકાળમાં અસત્ય મિશ્ર તો ઘણું થયું. ૨
સત્ય ભાગને ગ્રહિ અસત્યને ન જો ગણે
સર્વ પંથમાંનું સત્ય ભાળીએ સનાતને
સદા સમાન સર્વને સમાન દેશ કાળને
સંન્યસ્ત, ગૃહસ્થ, વાનપ્રસ્થ, રંક વા ભૂપાળને. ૩
તરૂણ, યુવ, વૃદ્ધ, બુદ્ધ શૈવિ દેવી સંતને
રામકૃષ્ણ રાધેકૃષ્ણ સીતા માતા પંથને
જૈનિ સુન્નિ આધુનિ ઇરાનિ વા કુરાનિને
શિઆ વા શેખ મ્લેચ્છને ગુમાની વા ઇમાનીને. ૪
નિમિત્ત નિત વા વિહિત કામ્ય પ્રાયશ્ચિત્તનાં
તથા સુમાન લક્ષણો સનાતનો નીશિદ્ધનાં
અનુમાન વા ઉપમાનથી પ્રત્યક્ષ શબ્દજ્ઞાનથી
અર્થાપત્તિ અનુપલબ્ધિ એવા ૭ પ્રમાણથી. ૫

અનાદિ એક **સત્ય** ધર્મ ઇશ્વરીજ સિદ્ધ છે
શ્રુતિ સ્મૃતિ ગીતા પુરાણુ વેદમાં પ્રસિદ્ધ છે
યુક્ત **આત્મા** જાણી સર્વ જીવજંતુ પ્રાણિને
દયા મયા **સમાનભાવ** મનમાંહે આણીને ૬
રક્ષ લક્ષ રાખી **નિત્ય અંહીંસા** કર્મ આચરો
મનુષ્યને સદા દુઃખે સહાય તો ઘણી કરો
ભ્રાતૃભાવ સમભાવ શમદૃષ્ટિ આણીને
અનંત દુઃખ તે તણા તે નિજનાશ જાણીને. ૭
કરો **ક્ષમા પરોપકાર** કુડું ન કોનું ધારીને
પૂર્વના પવિત્ર રાય **વિક્રમ** સંભારીને
ભીષ્મ, કર્ણ, દ્રોણ અર્જુનવીર શૂરજે
સદા પ્રકાશિ ધર્મમાંહે યુદ્ધમાંહે પુર જે. ૮
હરિશ્ચંદ્ર, નળ ધર્મને **શ્રીરામ**નામ સત્યથી
વચન એક ને વિવેક પરમાર્થ શુભ કૃત્યથી
સદા અખંડ આજ છે અખંડ આર્યદેશમાં
ગુણ જ્ઞાન જેહના પ્રકાશ છે પ્રદેશમાં. ૯
ધિર્યતા **ક્ષમા** ને **સત્ય** રામનું સંભારતાં
અહલ્યા તારા દ્રૌપદીના ગુણ સૌ વિચારતાં
સીતા અને **મંદોરીના** જ્ઞાનગુણ ભાળતાં
લીલાવતીની શક્તિને વિદ્યા વિશે નિહાળતાં. ૧૦
નારદ રૂડા મુની અને લક્ષ્મણ છે યતીગુણી
વિર **બલિભદ્ર** ભક્તિ **હનુમંત**ની સુણી
જે **ભરત શત્રુઘ્ન** અર્થ વન ગયા સીતાપતી

તે ભરત શત્રુઘ્ન, દુઃખમાનીને અતિઅતિ. ૧૧
ન શિરછત્રને ધર્યું તે રાજ્ય લોભને તજી
નગ્ર અંતમાં વસીને રામપાદુકા પુજી
પતંજલીના યોગસૂત્ર કપિલ સાંખ્ય ભાળતાં
ઉત્તમ જે ગૌતમન્યાય ન્યાયથી નિહાળતાં. ૧૨
કણાદના વૈશેષિક સૂત્ર જોતાં એક ચિત્તથી
ઉપવેદ વેદશાસ્ત્ર ને ગીતા તણી રૂડી ગતી
પશ્ચિમ દેશના વિદ્વાન તજી દેઇ ગર્વને
ગણે છે વિદ્યા આર્યની ઉત્તમ શિર સર્વને ૧૩
ત્યતાં થઇ નિરાશ આશા અન્યની જો રાખશો
દીર્ઘકાળ શ્રમેથી ન શ્રેષ્ટ ફળ ચાખશો
પ્રયત્ન એક સંપથી જુવો સૌ અનુભવી
સુધર્મ જ્ઞાન તેજનો પ્રકાશસે રૂડો રવી. ૧૪
જ્યારે આર્યબંધુ ધર્મસનાતન સંભારશે
પાળી નિજ પ્રીતથી જો સર્વમાં પ્રસારશે
તો આ ભરતદેશ સૂર્ય તેજથી પ્રકાશશે
કળિ ટળીને સત્યયુગ આજકાલ ભાસશે. ૧૫

---

૩ ગરબો.

લહો આર્ય ધર્મ આપણો સંનાતની રે લોલ
અહિં ભૂતળે ન કોઇ તૂલના બની રે લોલ
કૃતી માનવી તણી જરાય એ નથી રે લોલ
ગયા છે અનંત રે મહંત એ કથી રે લોલ

દિવ્ય દૃષ્ટિથી પ્રત્યક્ષ ભાઇ નીરખ્યો રે લોલ
કઇક રૂષીએ અપાર મર્મ પારિખ્યો રે લોલ
એક દેશીને અપૂર્ણ એ નથી ખરે રે લોલ
મુરખ પંડિતો એ સર્વને અનુસરે રે લોલ
પ્રસન્ન થાય પંડિતો સુગુપ્ત તત્વથી રે લોલ
બને રાજી તે બિન્નઓ બીજી વાતથી રે લોલ
વડું વૃક્ષ છાય વિશ્વમહી વિસ્તરી રે લોલ
મનુષ માત્રના તે તાપને લિયેહરી રે લોલ
એક વસ્તુને અનેક રંગ દાખિયો રે લોલ
પરંતુ બધાએ એક સ્વાદ ચાખિયો રે લોલ
કુટિલ સંશયો તે એ થકી મીટી જતા રે લોલ
રૂડા ન્યાય ગૂણ ઇશ્વરી થતા છતા રે લોલ
વડી નીતિથી સદાય ભરપૂર છે રે લોલ
બહુ ઝળઝળાટ દિવ્ય એનું નૂર છે રે લોલ
એના આશ્રય ભવાબ્ધિને તરી જશું રે લોલ
જશે બીતી સર્વને સદા સુખી થશું રે લોલ
ન એ ધર્મ માત્ર હિંદુનો કદી કહ્યો રે લોલ
આર્ય દેશની પ્રજા સમસ્ત નો લહ્યો રે લોલ
સહુ હિંદુ ઇસલામી પારસી મળી રે લોલ
ગાઇ એક કીરતાર ને લિયો રળી રે લોલ

सुविचार उपदेश.

ललित छंद.

અખિલ લોકનાં તત્વને લહો ।
સમદમાદિના સારને ગ્રહો ॥
દુરગુણી તણો સંગ ના કરો ।
શુભ ગુણે કરી દુષ્ટતા હરો ॥ ૧ ॥
કરમ ભરમમાં શિઘ્રને ભમો ।
વિદિત વેદના ચર્ણમાં નમો ॥
વિષમ વાતથી ચિત્ત વાળજો ।
નરમ ભાવથી ધર્મ પાળજો ॥ ૨ ॥
કુટીલ કામની શ્યામતા તજો ।
વિકટ વિશ્વમાં બ્રહ્મને ભજો ॥
વિષય ભોગમાં દુઃખ છે બહુ ।
મન વિચારિને જાણજો સહુ ॥ ૩ ॥
સદ્દગુરૂ તણો શબ્દ સાંભલો ।
શ્રવણથી સહુ જ્ઞાનમાં મલો ॥
કપટ કૂડને દુર નાંખજો ।
પરમ શીલ સંતોષ રાખજો ॥ ૪ ॥
પર કુલત્રને માત જાંણજો ।
કુટિલતા કદી ચિત્ત નાણજો ॥
ધિરજતા ધરી કાઢિ કામના ।

નિગમ રાજની એજ આમના ॥ ૫ ॥
ચતુરતા વડે ચેતિ ચાલજો ।
પ્રથમ પિંડનું પાપ બાળજો ॥
કપટી જંતુ આ જગતમાં ઘણાં ।
નિરદયા તણી છે નહી મણા ॥ ૬ ॥
ભક્ત જે નહીં ભક્તજી થઈ ।
જરૂર સંત તે જાણશો નહી ॥
ગુરૂ થઇ ફરે ફેનમાં ફસી ।
કરૂણતા નથી તેહને કસી ॥ ૭ ॥
વિવિધ ભાતનાં વાક્ય ઓચરે ।
મદન અંધ થૈ ખાડમાં પડે ॥
ધન હરે અરે શોક નાં હરે ।
અરર એહનું શરણ શું કરે ॥ ૮ ॥
સમજી ઉંઘથી સર્વ જાગજો ।
મત અસત્યથી તરત ભાંગજો ॥
ઝટિતિ જાલજો જ્ઞાન વેદનું ।
કઠિન કાપજો મૂલ ખેદનું ॥ ૯ ॥
પરમધામના પરમને ભજો ।
સકલ શાસ્ત્રના સાર શોધજો ॥
દુખિત દીનને દાન દીજીએ ।
અધમ કામિને દુર કીજીએ ॥ ૧૦ ॥
તજી કુસંપને સંપ રાખવું ।
હૃદય આપનું સાફ દાખવું ॥
સરલ બોધ આ સર્વ પ્રશ્નનો ।
વિશદ ધારજો દેવકૃષ્ણનો ॥ ૧૧ ॥

ભજન સંગ્રહ.

રા. રા. દામોદર જગજીવન શર્માના સંગીત સંગ્રહ પરથી.

ભક્તિ વિષે.

૧

કલ્યાણ, તાલ ચોતાલ.

શ્રી ગણેશ ગૌરીલાલ કોટીભાનુ તેજ ભાલ,
વક્રતુંડ, દીર્ઘ શુંઢ, ચાર ભુજાધારી–શ્રી ગણેશ.
લાભ લક્ષ પુત્ર હોય, રિધિ સિદ્ધિ અચલ સોય
લંબોદર નાયક સિધ્ધિ બુદ્ધિનારી દોય–શ્રી ગણેશ.
શ્વેતાંબર શુકલ બરન, ભાલચંદ બિઘ્રહરન
એકદંત મુસ્કકી સવારી સોહે–શ્રી ગણેશ.
ગણાધિશ, ગણરાજ, ગુણનિધિ, ગણપતિ, ગજાનન.
સમરે તે હોત કાજ તોરી બલહારી હયે આજ–શ્રી ગણે.

૨

ઝીલ્લો, તાલ દાદરો.

મયે ગુલામ મયે ગુલામ મયે ગુલામ તેરા, તું સાહેબ મેરા–મંયે.
રૂપ નાઇ રંગ નાઇ નાઇ બરન છાંયાં
નિરાકાર નિરગુનહી તુંઇ રઘુરાયા. મયે.

એક ફાટી દે લંગોટી દ્વાર તેરા પાઉ,
કામ ક્રોધ છોડ કર નામ ગુણ ગાઉં. મચે.
મેહેરબાન મેહેરબાન મેહેર હોના તેરી,
દાસ ભક્ત ચરણુ ખડા લાજ રખો મેરી. મચે.

૩

જીલ્લો, તાલ દાદરો.

મેં મેરો સ્વરૂપ જાણ્યો, હે સબન તે ન્યારો,
જયસે ઇંદુ જલકે સંગ, પૃથક દીસત પ્યારો. મેં૦
ચાર બેદ મહાબાકય, અર્થ જબ બિચારો,
મેં હું એક અદ્વિતીય, બ્રહ્મ ચિત્ત ધારો. મેં૦
મેં તો સકલ માંહી બોલુ, એહી ખેલ હમારો,
મેં ચૈતન્ય જગત માંહી, મોમાંહી જગ સારો. મેં૦
મેં તું બીચ ભેદ બાદ, પક્ષપાત ટારો,
મોહી મોકુ નમસ્કાર, એહી ઉર ધારો. મેં૦

નિતિ વિષે.

૧

રાગ સાગર, ગરબો તાલ દાદરો.

પ્રભુ રૂપધારો ચિતરે, સદગુણી નારીઓરે,
સ્વામી ઉપર રાખો પ્રીતરે. સદગુણી નારીઓ.—ટેક
પતિ પ્રેમ જળથી કરો મન શુદ્ધિ,
જેથી જાય કુબુદ્ધિ રે.— સદગુણી.
વૃત તિર્થ આદીનું નથી કંઇ કામ,

ખરૂ એક સ્વામીનું નામ રે- સદગુણી.
જુઓ તો ખરાં કે શાસ્ત્રો શું કહે છે,
રૂષી મુનીઓ શું વદે છે રે- સદગુણી.
પતિ છંદ અનુગામીની જે નારી,
સ્વર્ગ નથી તેને ભારી રે- સદગુણી.
સેવા પતિની કરો શુદ્ધ મનથી,
મુખત્યાગી વિષય જનથી રે- સદગુણી.
પતિવ્રતા નારી છે ઇશને વાલી,
રેહેજે પતિ સંગે મ્હાલી રે- સદગુણી.
ઈશ્વર સ્વામી સેવાથી રે રાજી,
વધસે પુત્ર થાશો માજી રે- સદગુણી.
ગોરી પણ કુલક્ષણે કાલી,
તો શું પછી ગુણવાલી રે- સદગુણી.
પતિવ્રત પાળી પતીને મનવો,
જગમાં પતિવ્રતા કા'વો રે- સદગુણી.
જેનું પતિ ઉર ખરૂ મન
તેને કહો ધન ધન રે- સદગુણી.
સુસ્ત્રીનો ભાઇ હું આશીષ આપું,
સુખી થાઓ તેથી રાચું રે- સદગુણી.

૨

પરજ, તાલ તિત્રાલ.

ઉસ મારગ મત જાયરે, નર મુરખ પંછી-ટેક
કામની તનકા તીર જહાં હય, ઉસ પરબત દુઃખદાય રે-નર.
કામ મહા ભડભીલ બુરા હય, સબ બંસ્તુ લેતછીનાયરે-નર.
ખાય ખતા કિતે દસ શયકે, રાવણ જેશે રાય રે -નર.
ઔર અનેક લુટે ઇસ પેડે, ગીનતી કોન. ગીનાયરે -નર.

માનો ઉપદેશ.

૧

બિહાગ, તાલ ત્રિતાલ.

દોહી ઘડીકી શ્વાસ કરે મન લાખ બરસકી આસ
તનકે ગૃહકો નહિં ભરૂસો પલમે હોયે નાશ,
તબહી નિલકો બાંચત જૈસે જીવત અગનીત માસ-દોહી.
કુંદન કંચન બઢતી દેખત, રહન મગ્ન તું ખાસ,
કૌડીભી નઇ સંગ ચલે જબ છોડ ચલેગો બાસ.—દોહી.
પિવન તૃષ્ણા બહોતહી રાખે કામ ધેનુકી છાસ,
અમૃત ફલકો ત્યાગ કરી તું ખાવે ખારો ઘાસ.—દોહી.
પાતકમે નિસદીન ગુમાવે, નહી ભકતી અવકાશ,
રામરામ સો ઝગડો હોવે પંચ દૈત્યકો દાસ—દોહી.
અજ બુધ એ સમય સમજ લે, નાચ હરીકો રાસ,
ઐસી કરની કરલે યારે રહે નાવે ફુલબાસ.—દોહી.

૨

રાગ-કહાનડો; તાલ ત્રિવટ.

મનવા મનકા બંધુ સંતો-મનવા મનકા બેરી,
મનસે સુખ ઓર દુઃખસો મનસે—મનસે મેરી તેરી. મનવા૦
લખ ચોરાસી માંહી દેખો—મનહ ફીરબત ફેરી,
મનસે બંધ મોક્ષસો મનસે—મનસે દેખા હેરી. મનવા૦
ચૌદ લોકસો મનસે કલ્પે—મનસે નાશ કેરોરી,
હરખ શોક સો મનસે જાનો—મનસે ધ્યાન ધરોરી. મનવા૦
મનકુ જાને સો મન નાહી— સોહં બ્રહ્મ સમેરી,
મનાતીત સચ્ચિત ધન હેવો સમજ કાજ સરેરી. મનવા૦

૩
જંગલો; તાલ ત્રિતાલ.

જાગ જાગ રેન ગઇ—ભોર ભયો પ્યારે.
પંચકુ પ્રપંચ કર—બસ કર ચારે. જાગ૦
તૃષ્ણાએ ત્રીન મરે—ભોગ મેં મતંગા,
શ્રવણ મેં કુરંગ મરે—નયનમેં પતંગા. જાગ૦
વાસના મેં ભ્રમર મરે—નાસા રસ લેતા.
એક એક ઇંદ્રીય સંગ—મરે જીવ કેતા. જાગ૦
પંચકે પડયો તું ફંદ—કયું કરી બસ આવે,
મારતું મન ઇચ્છા ભુત—જયું નિરંજન પાવે. જાગ૦

વૈરાગ્ય વિષે.

૧
માલકોષ-તાલ જલદ ત્રિતાલ

ચલત પ્રાણ કયું રોઇ કાયા, સોઇ કાયા—ચલત
તેરે સંગ મેને બહોત સુખ લીનો, નિત ઉઠ મળકો ધોઇ હો,
અબ એહ કાયા ક્ષાર હો જાવેગી, મન ન લેવે કોઇ હો—ચલત.
હંસા કેહે સુન બહોરી કાયા, તેરે મેરે સંગ ન હોઇ,
એૈસી કાયા હમ કોટીક છોડી, સંગ ન લેચલેગો કોઇ હો—ચલત.
રૂપ દેખી તેરી માતા રોવે, બાંહ્ય પકડ રોવે ભાઇ,
છુટી લટા તેરી ત્રિયા રોવે, હંસ એકલો જાયે હો—ચલત.
શિવ સનકાદીક ઔર બ્રહ્માદીક, સહસ્ત્ર નાગપીન સોઇ,
જીને જીને દેહ ધર્યો ધરનીપર, સ્થિર ન રેહેવે કોઇ હો—ચલત.
પાપ પુન્ય તેરે જન્મ સંગાથી, સમજો હો નર ભાઇ,
કહે ભગત અવિગત કિ ગત, બુજે બિરલા કોઈ હો—ચલત.

૨
ભેરવી તાલ ત્રિતાલ.

જુઠી જગતકી તજ મન આશ,
ભજ મન કૃષ્ણ સદા સુખદાઇ. ટેક.
તન ધન તરૂની ચંચલ જાઇ,
જેસી ઘન બીજલી ચમક સવાઇ. ભજ૦
મેહેલ અટારી બાડી બનાઇ,
જબ કાલ આયા કામ ન આઇ. ભજ૦
ગજરથ ઘોડે શોક સવાઇ,
રોક શકે નહિ જમકી ચડાઇ. ભજ૦
સમજ શીખામણ કર દાનાઇ,
ખેલ ખલક કા સુપને કી ન્યાઇ ભજ૦
વિષય દ્રષ્ટિકા મૃગ જલ આહી,
ઇસને ન્યારા પ્રભુપદ ભાઇ. ભજ૦
એક ટેક ધર ગોવિંદ ગાઇ,
'કરૂના સાગર હોગે સહાઇ. ભજ૦

૩
આસાવરી, તાલ ત્રિતાલ.

. કોન કીસીકો મિત્ર જગતમે.—કો.
માત તાત ઔર દારા બંધુ, કોઇ ન રહે નિચીંત. જગત૦
સબહી અપને સ્વારથ કે હય, પરમારથ નહીં પ્રીત. જગત૦
સ્વારથ બીનસે સગો ન હોસી, મિત્ર મનમેં ચિંત. જગત૦
ઉઠ ચલેગો આપ એકીલો તુહી તુહી સુવિદીત. જગત૦
કો નહી તેરા તુ નહી કીસીકા એહ અનાદીકી રીત. જગત૦

તાતે એક ભગવાન ભજનકી, રાખો મનમેં ચિંત. જગત૦
ગ્યાનસાર કહે એહ ધનશ્રી ગાયો આતમ રીત. જગત૦

આત્મ બોધ.

૧
ભૈરવી, તાલ ત્રિતાલ.

ક્યા મોરે પ્યારે તુમ જાનેગો હમજાની—ક્યા.
પંચ તત્વકા બના એ પિંજરા, વામે બસ્તુ બિરાની,
આવેગી કોઇ લોભ લેહેરીયાં, ડુબેગો બીન પાની.—ક્યા.
રાજ કરંતે રાજા જાવે, રૂપ ધરંતી રાની,
વેદ પઢતે પંડીત જાવે, ઔર જાવેગો અભિમાની—ક્યા.
દશ જીવો બિસા જીવો, જીયો કોટ પચાસા,
અર્બ ખર્બ ઓહોતેરે જીવો, અંત મરનકી આસા—ક્યા
ચંદહી જાવેગા સુરજ જાવેગા, જાવે પવન ઓર પાની,
મલ્યાગીર ભવસાગર, ચેતી દેખો નરનારી—ક્યા.
પાંચ સખી મીલ ચલી બજારે, એકસે એક સાની,
ઉઠ ગયે હાટ સોદા નહીં પાયા, ફીર પિછે પરતાની.—ક્યા.
એક બેર બેઠુંક જાયે ગો, મીટ જાયે એ ફાની,
કહે કબીર સત્ ભક્તિ ન જાવેગી, આદ અંત હેરાની—ક્યા

૨
રાગ સુમયાનુંસાર.

હમ મગન ભયે પ્રભુ ધ્યાનમે. હમ.
બિસ ગઇ દુવિધા તનમનકી—સાચ્ચિદાનંદ ગુણગાનમે. હમ.

ચિદાનંદકી મોજ મચી હય–સમતા રસકે પાનમે. હમ.
પ્રભુ ગુણુ અનુભવ કે રસ આગે-આવત રસ કોઇ તાનમે. હમ.
જીનહી પાયા તિનહી છુપાયા–ના કહે કોઉ કે કાનમે. હમ.
તાલી લાગી જબ અનુભવકી–તબ સમજે કોઉ શાનમે. હમ.

૩

ભેરવીઃ—તાલ ધમાલ.

જુઠી ઇસ દુનિયા કે સુખ દુઃખ–દાના દીલમે લાતા નઇ,
સબબ હમેશા, હમેશા–ઓ કુછ જારી રેહેના નઇ. જુઠી.
જો જો ચીજ પૈદા હોતી હય–એકસે એક દેખો આલા,
અજબ તરાહકી, તરાહકી–જેસા ફુલ હય ગુલાલા. જુઠી.
ઓ સબ ફના હોતી હે પલમે–જયસા બિલોરકા પ્યાલા,
જરા જમીનપે-જમીનપે અંજામ–હો કબી દેહાલા. જુઠી.
સત્સરૂપ સચરાચર સબમે–સમજે ઓ ગમ ખાતા નહી,
સબબ હમેશા–હમેશા ઓ કુછ જારી રહેતા નહી. જુઠી.
મન બચન ઓર કરમશે–જહાંમે બુરા કીસીકા નહી કરના,
રેહેના નિરાસી–નિરાસી–અચલ ધ્યાન હરીકા ધરના. જુઠી.
નેક ચાલ નીત રહે ન્યાલ–કંગાલ હાલમે નહી જરના,
આખર માલકો–માલકો છોડ–એક દીન હય મરના. જુઠી.
ધ્યાન ખુબ એ રખે ધ્યાનમેં–સાન કબી ગુમાતા નહી,
સબબ હમેશાં–હમેશાં ઓ કુછ જારી રેહેતા નહી. જુઠી.

૯ ઉપદેશ સંગ્રહ.

શ્લોક-૧ લો.

स्नातं तेन समस्ततीर्थसलिले दत्तापि सर्वावनि
यज्ञानां च कृतं सहस्रमखिलंदेवाश्च संपूजिताः ।
संसाराच्चं समुद्धतास्य पितरस्त्रैलोक्यपूज्योप्यसौ
यस्य ब्रह्मविचारणे क्षणमपि स्थैर्यं मन माप्नुयात् ।

જેમ તિર્થસ્થાનોમાં યાત્રા અને સ્નાન કરવાથી મનુષ્ય પવિત્ર થાય છે તેમ પોતાનું ચિત્ત એક ક્ષણવાર સ્થિર કરનારો મનુષ્ય ગણાય છે. બ્રહ્મવિચારનું ફળ પૃથ્વીનું દાન કરવા સમાન ફલદાયક છે. અને હજારો યજ્ઞ અને દેવતાઓનું પૂજન કરવામાં ફલનો તે ભોકતા ગણાય છે એટલુંજ નહી પણ સંસારરૂપી મહા સમુદ્રને તરી પોતાના પૂર્વજોને તારનારને ત્રણ ભુવન પૂજનિક ગણાય છે.

શ્લોક-૨ જો.

देहात्माऽहंबुद्धिजं पापं न तद् गोवधकोटिभिः ।
आत्माऽहंबुद्धिजं पुण्यं न भूतो न भविष्यिाति ।।

જે મનુષ્ય પોતાની બુદ્ધિથી પાપ કરે છે તે કરોડો ગૌવધ કરનાર કરતાં પણ વધારે પાપી છે પરંતુ સ્વઆત્મબુદ્ધિ નિર્મળ રાખી સદ્દવર્તન અને સદાચારથી જે ચાલે છે તે મનુષ્ય ભાગ્યશાળી અને આ લોકમાં તેની કીર્તિ વધી છે અને તેની બરોબર કોઇ થયો નથી ને થશે નહિ.

શ્લોક-૩ જો.

विद्यानाम नरस्य रुपमाधिकं, प्रच्छन्नगुप्तं धनं
विद्या भोगकरी यशः सूखकरी; विद्या गुरुणां गुरुः ।
विद्या बंधुजनो विदेशगमने, विद्या परा देवता
विद्या राजसू पूजिता न तु धनं, विद्याविहीनः पशुः ॥

વિદ્યા એ મનુષ્યનું અધિકરૂપ કરતાં પણ ગુપ્ત ધન છે, **વિદ્યા** અનેક પ્રકારના ભોગ, યશ, અને સુખ કરાવનારી છે એટલુંજ નહિ પરંતુ ગુરૂને ગુરૂ છે. **વિદ્યા** પરદેશમાં બંધુ સમાન છે અને દેવતા ઓથી પણ અધિક છે. **વિદ્વાન** ધનવાન કરતાં પણ આખા જગતમાં ઉત્તમ ગણાય છે; પરંતુ **વિદ્યા** વગરને પુરૂષ પશુ સમાન છે.

શ્લોક-૪ થો.

तावद्गर्जाति शास्त्राणि जंबुका विपिने यथा ।
न गर्जाति महाशक्तिर्यावद्वेदान्तकेसरी ॥

મૂર્ખ માણસની ગર્જના જંગલના શિયાળવાની ગરજના સમાન છે પરંતુ જેમ સિંહ બળવાન છતાં વગર પ્રયોજને ગર્જના કરતો નથી તેમ ખરો વિદ્યા અભ્યાસી પણ ફોકટ બકવાદ કરતો નથી.

શ્લોક પાંચમો.

अक्रोधवैराग्यजितेन्द्रियत्वं
क्षमा दया शांतिजनप्रियत्वं ।

निर्लोभदाता भयशोकहर्ता
ज्ञानी गुणानां दशलक्षणं च ।

જ્ઞાનની ઉન્નતિ થવા નિચે પ્રમાણેના દશ ગુણો સંપાદક કરવા જોઇએ.

૧ ક્રોધને તજવો. ૨ કોઇપણ વસ્તુમાં વિશેશ પ્રીતિ રાખવી નહીં. ૩ ઇંદ્રિયોને સ્વાધિનમાં રાખવી. ૪ ક્ષમા. ૫ દયા અને ૬ શાંતિથી વર્તવું. ૭ મનુષ્યના હિતનું કાર્ય કરવું ૮ લોભ ન રાખવો. ૯ સુપાત્રને દાન આપવું. ૧૦ મનુષ્ય પ્રાંણીની દુઃખમય સ્થિતીમાં ભાગ લેવો.

શ્લોક ૭ મો.

विद्वत्वं च नृपत्वं च नैव तुल्यं कदाचन ।
स्वदेशे पूज्यते राजा विद्वान् सर्वत्र पूज्यते ॥

રાજાપણું અને **વિદ્વાન**પણું કદી સરખાં હોતાં નથી. રાજા પોતાના રાજ્યની હદમાં માનને લાયક છે પરંતુ **વિદ્વાન** મનુષ્ય તો આખા જગતમાં માનને પાત્ર થાય છે.

શ્લોક ૮ મો.

येषां न विद्या न तपो न दानं ।
ज्ञानं न शीलं न गुणो न धर्मः ।

ते मृत्यु लोके भुवि भार भूता ।
मनुष्यरूपेण मृगाश्चरंति ।
यत्रैव बोधो न च तत्र क्रोधो ।
यत्रैव क्रोधो न च तत्र बोधः ।
क्रोधस्य काले विषयाप्रशक्तिः ॥
बोधस्य चिद्रुपमखंडरूपम् ।

જેણે **વિદ્યા** સંપાદન કરી નથી, જેણે **પરમાત્માનું** ધ્યાન કે ભજન કે આરાધન કે ઉપાસના કરી નથી, જેણે ગરીબનું રક્ષણ કર્યું નથી, જેણે જ્ઞાનની ઉન્નતિ કરી નથી કે સદાચાર કે સ્વધર્મ પાળ્યો નથી, કે ધર્મ અને સદ્‌ગુણ સંપાદન કર્યા નથી, તેવા મનુષ્યો આ ભૂમિપર ભારખાનાના બોજારૂપ છે અને મનુષ્યના રૂપમાં મૃગો ની માફક આ ભૂમિમાં ચર્યા કરે છે.

જ્યાં **બોધ** છે ત્યાં **ક્રોધ** નથી, જ્યાં **ક્રોધ** છે ત્યાં **બોધ** નથી, **ક્રોધ** સમયે વિષરૂપી પ્રકાશ ઉત્પન્ન થાય છે, પરંતુ બોધ થતાં **ચિદ્‌રૂપ** (આનંદમય) અખંડ અને અવિનાશી પદ ધારણ કરાય છે.

ॐ

पदार्थमंजूसागत.

मंगलाचरणं

ब्रह्मनिष्ठ पंडित श्री पीतांबरजीकृतम्.

॥ नाराचवृत्तम् ॥

कलं कलंक कज्जलं तमः प्रलापि सज्जलं ।
गतातिचंचलाचलं सुशांतिशीलमुज्ज्वलम् ॥
सदा सुखादिकंदलं त्रितापपापशामकं ।
नमामि ब्रह्मधामकं सबापुरामनामकम् ॥ १ ॥
समानदानदायकं भवाब्धवाक्यसायकं ।
सुशुद्ध धीविदायकं मुनींद्रमौलिनायकम् ॥
स्वसंगगीतगायकं व्यकं त्रिलोकरामकं ।
नामामि ब्रह्मधामकं सबापुरामनामकम् ॥ २ ॥
शमक्षमादिलक्षणं प्रतिक्षणं स्वशिक्षणं ।
मुमक्षुरक्षणे क्षमं क्षमेषु वै विलक्षणम् ॥
सुलक्ष्य लक्ष्य संशय हरं गुरुं हि मामकं ।
नमामि ब्रह्मधामकं सबापुरामनामकम् ॥ ३ ॥
कलेशलेशवेशशून्यदेशके प्रवेशकं ।

गताविशेषशेषकं ह्यशेषवेषदेशकम् ।
परेशकं भवेशकं समस्तभूपभामकं ।
नमामि ब्रह्मधामकं सबापुरामनामकम् ॥ ४ ॥
सकालंकालिजालभालभेदिभानभल्लकं ।
प्रभिन्नखिन्ननुन्नभाविजन्ममत्त मल्लकम् ॥
सभेदखेदछेदवेदवाक्ययूथयामकं ।
नमामि ब्रह्मधामकं सबापुरामनामकम् ॥ ५ ॥
भवाष्टकष्टपाशदासभावभासनाशकं ।
सुशुद्धसत्त्वबुद्धतत्त्वब्रह्मतत्त्वभासकम् ॥
स्वलोकशोकशोषकं वितोषदोषवामकं ।
नमामि ब्रह्मधामकं सबापुरामनामकम् ॥ ६ ॥
सबंधुजन्मसिंधुपारकारिकर्णधारकं ।
सलोभशोभकोपगोपरूपमारमारकम्
स्वबालकालवारकं समाप्तसर्वकामकं ।
नमामि ब्रह्मधामकं सबापुरामनामकम् ॥ ७ ॥
स्वलक्ष्यदक्षचक्षुषं स्वरूपसौख्यसंजुषं ।
कृतार्थचेतनायुषं गतार्थगामितस्थुषम् ॥
विभोग्यजातुदुर्विषं मुषं गुणालिदामकं ।

नमामि ब्रह्मधामकं सबापुरामनामकम् ॥ ८ ॥
भवाटवीविहारकारि जीवपांथपारदं ।
सुयुक्तिमुक्तिहारसप्रदं सुबुद्धिशारदम् ॥
सपीतपादुकांबरो ब्रवीतितं स्वरामकं ।
नमामि ब्रह्मधामकं सबापुरामनामकम् ॥ ९ ॥
श्रीमन्मंगलमूर्तिपूर्तिसुयशःस्वानंदवाप्युल्लसत्
सौभाग्यैकसरित्पतिं प्रतिहतप्रोद्भूततापत्रयम् ॥
संसारसृतिलग्नमग्नमनसामुद्धारकं क्वागतं ।
प्रत्यक्तत्त्वसुचित्स्वरूपसुगुरुं रामं भजेऽहं मुदा ॥

ॐ शांतिः शांतिः शांतिः

॥ कामभोहनी छंद ॥

अच्युतं शाश्वतं निष्प्रपंचात्मकं
निर्गुणं निष्कलं निर्मलं व्यापकं ॥
निष्क्रियं सच्चिदानंद रूपं शिवं,
चाद्वयं केवलं शुद्ध देवं भजे ॥ १ ॥

॥ उपेंद्रवज्रा छंद ॥

यस्य प्रसादादहमेद विश्नु
मय्येव सर्वं परिकल्पितंच ॥
इत्थं विजानामिसदात्मरूपं
तस्यांघ्रिपद्मं प्रणतोस्मि नित्यं० ॥ २ ॥

॥ अनुष्टुपछंद ॥

अखंडानंदबोधेन शिष्य संताप हारिणे ॥
सच्चिदानंदरूपाय रामाय गुरवेनमः ॥ ३ ॥
विश्वेश्वरं विश्वरुपमविश्वं विश्वतोमुखं ॥
विश्वंभरं विश्वनाथं विश्वमूर्ति नमोनमः ॥ ४ ॥

ॐ शांतिः शांतिः शांतिः

वेदांतस्तोत्रसंग्रह.

१

ॐ प्रातःस्मरण स्तोत्र

॥ वसंततिलकाछंद ॥

प्रातःस्मरामी हृदि संस्फुरदात्मतत्त्वं
सच्चित्सुखं परमहंसगतिं तुरियं ॥
यत्स्वप्नजागरसुषुप्तम वैति नित्यं
तद्ब्रह्म निष्कलमहं नच भूतसंघः ॥ १ ॥
प्रातर्भजामि मनसो वचसामगम्यं
वाचो विभांति निखिला यदनुग्रहेण ॥
यन्नेति नेति वचनैर्निगमा अवोचु
स्तं देवदेवमजमच्युतमाहुरग्र्यं ॥ २ ॥
प्रातर्नमामि तमसः परमर्कवर्णं
पूर्णं सनातनपदं पुरुषोत्तमाख्यं ॥
यस्मिन्निदं जगदशेषमशेषमूर्तौ
रज्ज्वां भुजंगम इव प्रतिभासितं वै ॥ ३ ॥
श्लोकत्रयमिदं पुण्यं लोकत्रयविदुषणं ॥
प्रातःकाले पठेद्यस्तु स गच्छेत्परमं पदं ॥
इति श्रीभगवत्पादा श्रीमच्छंकराचार्य विरचितं
प्रातःस्मरणस्तोत्रं संपूर्णम् ।

ભાવાર્થ.—પ્રાતઃકાળમાં [એટલે સવારના પહોરમાં] હૃદયકમળ વિષે અંતઃકરણમાં અને તેની વૃત્તિનો શાક્ષી હોવાથી અહં-વૃત્તિ વિષે સ્વયંપ્રકાશ રૂપથી સ્ફુરાયમાન (ભાસમાન) **સચ્ચિદાનંદમય** પરહંસોની ગતિરૂપ તુરીય સ્વરૂપ જે **આત્મ** તત્વ છે તેનું હું સ્મરણ કરૂં છું. તે કેવી રીતે કે જે સ્વપ્ન, જાગ્રત અને સુષુપ્તિને જાણવાવાળો છે, અને નિત્ય ઉત્પત્તિ અને નાશરહિત છે અને નિષ્કલ (નિરવયવ) છે અને બ્રહ્મ (સર્વથી અધિક પરમાત્મા) છે તે હું છું અને પંચભુતનો સમુદાય હું નથી. ૧.

પ્રાતઃકાળમાં મન અને વાણીઓના અવિષય અને સર્વ વાણીઓ જેના અનુગ્રહથી ભાન થાય છે અને જેને "નેતિનેતિ" (પ્રપંચના નિષેધક) વચનોથી વેદ પોકારી કહે છે અને જેને બ્રહ્મવેત્તા દેવના દેવ, અજન્મા, અચ્યુત અને મુખ્ય કહે છે તેને હું ભજું છું. સ્મરૂં છું. ૨.

પ્રાતઃકાળમાં અજ્ઞાનથી પર સ્વપ્રકાશ, પૂર્ણ, સનાતનપદ પુરૂષોતમ નામરૂપ અને સર્વ મૂર્તિરૂપ, જેના વિષે આ સંપૂર્ણ જગત, જેમ રજ્જુમાં (દોરીમાં) સર્પની જુદાઇ ભાસમાન થાય છે તેને હું અભેદ નિશ્ચય રૂપ નમસ્કાર કરૂં છું. ૩.

આ, પુજ્યરૂપ અને ત્રિલોકના વિભુષણરૂપ ત્રણ શ્લોકોનું જે પ્રાતઃકાળમાં નિષ્કામ વૃત્તિ પઠન કરે તે પરમ પદને પામે. ૪.

२

॥ ॐ विज्ञाननौका ॥

॥ भूजंगप्रायातछंद ॥

तपो यज्ञदानादिभिः शुद्धबुद्धि-
विरक्तो नृपादौ पदे तुच्छबुद्ध्या ॥
परित्यज्य सर्वं यदाप्नोति तत्त्वं
पर ब्रह्म नित्यं तदेवाहमस्मि ॥ १ ॥

दयालुं गुरुं ब्रह्मनिष्ठं प्रशांतं
समाराध्य भक्त्या विचार्य स्वरूपम् ॥
यदाप्नोति तत्त्वं निदिध्यास्य विद्वान्
परं ब्रह्म नित्यं तदेवाहमस्मि ॥ २ ॥

यदानंदरूपं प्रकाशस्वरूपं
निरस्तप्रपंचं परिच्छेदशून्यम् ॥
अहं ब्रह्मवृत्त्यैकगम्यं तुरीयं
परं ब्रह्म नित्यं तदेवाहमस्मि ॥ ३ ॥

यदज्ञानतो भाति विश्वं समस्तं
विनष्टं च सद्यो यदात्मप्रबोधे ॥
मनोवागतीतं विशुद्धं विमुक्तं
परं ब्रह्म नित्यं तदेवाहमस्मि ॥ ४ ॥

निषेधे कृते नेति नेतीति वाक्यैः
समाधिस्थिनां यदाभाति पूर्णम् ॥
अवस्थात्रयातीतमद्वैतमेकं
परं ब्रह्म नित्यं तदेवाहमस्मि ॥ ५ ॥
यदानंदलेशैः समानंदि विश्वं
यदाभाति सत्त्वे तदा भाति सर्वम् ॥
यदालोचने हेयमन्थत्समस्तं ॥
परं ब्रह्मं नित्यं तदेवाहमस्मि ॥ ६ ॥
अनंतं विभुं सर्वयोनिं निरीहं
शिवं संगहीनं यदोंकारगम्यम् ॥
निराकारमत्युज्ज्वलं मृत्युहीनं
परं ब्रह्म नित्यं तदेवाहमस्मि ॥ ७ ॥
यदानंदसिंधौ निमग्नः पुमान्स्या-
दविद्याविलासः समस्तप्रपंचः ॥
तदा न स्फुरत्यद्भुतं यन्निमित्तं
परं ब्रह्म नित्यं तदेवाहमस्मि ॥ ८ ॥
स्वरूपानुसंधानरूपां स्तुतिं यः
पठेदादराद्भक्तिभावो मनुष्यः ॥
शृणोतीह वा नित्यमुद्युक्तचित्तो

भवोद्विष्णुरत्रैव वेदप्रमाणात् ॥ ९ ॥

॥ इति श्रीमच्छंकराचार्यविरचिता विज्ञाननौका समाप्ता ॥

ભાવાર્થ—તપ, યજ્ઞ અને દાન વિગેરેથી શુદ્ધ બુદ્ધિવાળા અને રાજ્ય વિગેરેના પદ માટે તુચ્છ બુદ્ધિથી વિરક્ત થયેલા પુરૂષ સર્વનો પરિત્યાગ કરીને જે તત્વને પામે છે તે **નિત્ય પરબ્રહ્મ** હું છું. ૧.

દયાળુ, બ્રહ્મનિષ્ટ અને પરમ શાંતીરૂપ સદ્‌ગુરની ભક્તિપૂર્વક સમ્યક આરાધન કરી, સ્વરૂપનો વિચાર કરીને (શ્રવન મનનથી) પછી નિદિધ્યાસનથી વિદ્વાન થયેલા જે તત્વને પામે છે તે **નિત્યબ્રહ્મ** હું છું. ૨.

જે આનંદસ્વરૂપ, પ્રકાશ સ્વરૂપ, નિષ્પ્રપંચ તેના પરિચ્છેદથી રહિત "હું **બ્રહ્મ** છું," એ એક વૃત્તિ ગમ્ય અને તુરીયરૂપ છે તે **નિત્ય પરબ્રહ્મ** હું છું. ૩

સમસ્ત (આખું) વિશ્વ જે અજ્ઞાનથી ભાસે છે અને જેના સ્વરૂપનો પ્રબોધ થતા સદ્યવિનાશને પ્રાપ્ત થાય છે એવા જે મનવાણીના અવિષય વિશુદ્ધ અને વિમુક્ત છે **તે નિત્ય પરબ્રહ્મ** હું છું. ૪.

નેતિનેતિ (કારણ નહી અને કાર્યનહી) એ વાક્યથી નિષેધ કરેલા, સમાધિ વિષે સ્થિત પુરૂષને પૂર્ણ ત્રણ અવસ્થાથી રહિત અદ્વૈત અને એકરૂપ જે ભાસે છે તેજ **નિત્યપરબ્રહ્મ** હું છું. ૫.

જેના આનંદના લેશ માત્ર પ્રતિબિંબોએ કરી વિશ્વ સમ્યક્ આનંદવાન્ થાય છે અને જેની પ્રભા (કાંતી)નો સર્વભાવ થવાથી સર્વે ભાસે છે અને જેનું દષ્ટિગોચર થતાં અન્ય સમસ્તનો ત્યાગ થાય છે તેજ **નિત્ય પર બ્રહ્મ** હું છું. ૬.

જે અનંતવિભુ [વ્યાપક), સર્વ યોનિ [સર્વનું કારણ), નિગ્રહ (નિષ્ક્રીય), શિવ (કલ્યાણરૂપ], અસંગ ઓમકારે કરી ગમ્ય, નિરાકાર, અતિ ઉજ્જવલ અને મૃત્યુરહિત છે તેજ **નિત્ય પરબ્રહ્મ** હું છું. ૭

જ્યારે પુરૂષ આનંદ સમુદ્ર વિષે નિમગ્ન થાય છે ત્યારે અવિદ્યાનું કાર્ય સમસ્ત પ્રપંચ સ્ફુરતો નથી પણ અદ્ભુત રૂપ જે આનંદનું નિમિત સ્ફુરે છે તેજ **નિત્ય પરબ્રહ્મ** હું છું. ૮.

જે મનુષ્ય ભક્તિભાવવાળો થઇ સ્વરૂપના અનુસંધાનરૂપ આ સ્તુતિને આદરી પઠન કરે છે વા નિત્ય તેનું એક ચિત્તથી શ્રવણ કરે છે તે આ જીવીત અવસ્થામાં વેદરૂપ પ્રમાણથી વિષ્ણુરૂપ થશે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

३

॥ ॐ आत्मषट्कस्तोत्र ॥

॥ भूजंगप्रयातछंद ॥

मनोबूद्ध्यहंकारचित्तानि नाहं
मच श्रोत्रजिह्वे नच घ्राणनेत्रे ॥
नच व्योमभूमी न तेजो नवायु-
श्चिदानंदरूपः शिवोहं शिवोहम् ॥ १ ॥
अहं प्राणवर्गो न पंचानिला मे
न तोयं न मे धातवो नैव कोशाः
न वाक्पाणिपादौ न चोपस्यपायू
चिदानंदरूपः शिवोहं शिवोहम् ॥ २ ॥
न मे द्वेषरागौ न मे लोभमोहौ
मदो नैव मे नैव मात्सर्यभानम् ॥
न धर्मो न चार्यो न कामो न मोक्ष-
श्चिदानंदरूपः शिवोहं शिवोहम् ॥ ३ ॥
न पुण्यं न पापं न सौख्यं न दुखं
न मंत्रो न तीर्थं न वेदा न यज्ञाः ॥
अहं भोजनं नैव भोज्यं न भोक्ता

चिदानंदरूपः शिवोहं शिवोहम् ॥ ४ ॥
न मे मृत्युशंका न मे जातिभेदः
पिता नैव मे नैव माता न जन्म ॥
न बंधुर्न मित्रं गुरुर्नैवशिष्य-
श्चिदानंदरूपः शिवोहं शिवोहम् ॥ ५ ॥
अहं निर्विकल्पो निराकाररूपा
विभूर्व्याप्य सर्वत्र सर्वेंद्रियाणि ॥
सदा मे समत्त्वं न मुक्तिर्न बंध-
श्चिदानंदरूपः शिवोहं शिवोहम् ॥ ६ ॥

इति श्रीमच्छंकराचार्याविरचितम्

ॐ शान्तिः शान्तिः शान्तिः

ભાવાર્થ—મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત હું નથી; વળી કાન, જીભ, નાસિકા અને નેત્ર, આકાશ, ભૂમિ કે તેજ અને વાયુ પણ હું નથી, પરંતુ હું **સચ્ચિદાનંદરૂપ શિવોહં શિવોહં છું.** ૧.

હું જળ કે પ્રાણવર્ગ નથી; મને પંચવાયુ નથી; મને ધાતુ અને કોષ નથી અને મને વાચા, હાથ પગ કે ઉપસ્થ (ગુદા) કે પાયુ નથી પરંતુ હું **સચ્ચિદાનંદરૂપ શિવોહં શિવોહં છું.** ૨

મને દ્વેષ, રાગ, લોભ, મોહ, મદ, મત્સર ભાવનું ભાન, ધર્મ અર્થ, કામ અને મોક્ષ નથી પરંતુ કેવળ હું **સચ્ચિદાનંદરૂપ શિવોહં શિવોહં છું.** ૩

હું પુન્ય નથી, પાપ નથી, સુખ નથી દુઃખ નથી; મંત્ર નથી તિર્થ નથી, વેદ નથી, યજ્ઞ નથી, ભોગ નથી; ભોજ્ય નથી, કે ભોકત નથી પરંતુ **સચ્ચિદાનંદરૂપ શિવોહં શિવોહં છું,** ૪

મને મૃત્યુની શંકા કે જાતીભેદ નથી, પિતા કે માતા કે જન્મ નથી, બંધુ કે મિત્ર નથી ગુરૂ કે શિષ્ય નથી પરંતુ હું **સચ્ચિદાનંદરૂપ શિવોહં શિવોહં છું.** ૫

હું નિર્વિકલ્પ, નિરાકારરૂપ વિભુ અને સર્વત્ર, ઇંદ્રિયના પ્રત્યે વ્યાપિ વર્તમાન છું. મને સદા સમતા છે. મુક્તિ નથી, બંધન નથી પરંતુ હું **સચ્ચિદાનંદરૂપ શિવોહં શિવોહં છું** ૬

ૐ શાંતિઃ શાંતિઃ શાતિઃ

રાજ્યાભિષેક પ્રસંગે સુરતની રાત્રીશાળાઓના છોકરા છોકરીઓએ ગાયલાં ગીતો.

તા૦ ૧૨-૧૨-૧૧

સાર્દુલ વીક્રીડિત વૃત.

તેજસ્વી અતિ સ્નેહને ખિલવતો, પીયૂષને વર્ષતો
પામ્યો છે શશિ અસ્ત શોક મહિં ત્યાં ગાજી રહ્યો હર્ષ શો !
આજે સૂર્ય નવીન ઉદય થતો, આનંદ ઉરે પુરે
ચિંતા તીમિરને ખરે સહજમાં, તે ગૂણ કીર્ણે ચુરે. ૧
આજે ઉત્સવ છે બધે અવનિમાં, આનંદ શું ઉછળે
છે રાજયે અભિષેકને તિલકનો પ્રસ્તાવ રૂડે પળે:
સદ્‌ભાગી પ્રભુ જ્યોર્જ પંચમ વિશે, સંસ્કાર ઉત્કૃષ્ટ છે.
સંગે રાજત પત્નિ લક્ષ્મિ રૂપ તે, હર્ષે અતી હૃષ્ટ છે. ૨
માથે ધારિ અમુલ્ય મુકુટ વડો રાજ્યાસને રાજતો
છે કો દેવ પ્રતાપિ ભૂતળ વિશે, પૂજાય તે આજતો;
આધી વ્યાધી ઉપાધિ સર્વ વિસરી, જો દર્શણે ધાય છે
ઝાંખી શ્રી મુખચંદ્રની કરી પ્રજા, સંતુષ્ટ હર્ખાય છે. ૩
એના ગૂણતણા સુકીર્તનતણા નાદો બધે વિસ્તરે
નાના વીધ પ્રજા પ્રસન્ન ચિતથી, આશીશ તો ઉચરે
ગાંધર્વાદિક દેવને ઋષિમુની આશ્ચર્યથી ન્યાળતા
શું આ ઇંદ્ર બિજો અહીં અવતર્યો, સદ્ધર્મને પાળતાં ? ૪

કાંતી ઉજ્વળ કેશથી ચળકતી આચાર્ય મંત્રો ભણે,
સામંતો ચિતચોર સુંદરી બિજા, ભેગાં પ્રસંગે બણે;
દેવીદેવ ઋષીવરો સ્વરગથી, શું ઉતર્યાં ભૂતળે ?
પામે તૃપ્તિ અપાર જીવ અમી શું, ઉંચેથી છુપું ગળે. ૫
એવા જ્યોર્જ પ્રતાપિ પુરૂપતણી આરંભ સત્તા થતી;
હર્ષે આજ પ્રજા સમસ્ત મળિને, પ્રેમે વધાવે અતી
કે વિખ્યાત વિશાળ ભૂતળ વિશે એનું રૂડું રાજ રે
સેવા સૂર્ય કરે અખંડિત સદા; એવો મહારાજ રે. ૬
જેની ધર્મધ્વજા પ્રતાપિ વિજયી, ઉંચે જહીં ઉડતી
ત્યાં અન્યાય, અધર્મ મર્દન થતાં, ગૂહા કણો ઘૂંડતી;
જેનાં નાવ મહાન નિર્ભય સદા સિંધુ ઉરે સંચરે
જેના શસ્ત્રતણા પ્રચંડ પડઘા, કંપાવતા વ્યોમને. ૭
પત્ની વેરી વિરોતણી જશ શુણી શંકા ભિતી ધારતી
પ્રેમે પ્રેરિત ને અખંડિત રૂડા સૌભાગ્યને વાંછતી;
બાંધી રાખતિ નિત્ય આઠ પ્રહરે, વીલાસ પાશેપતી
વૃક્ષે જે વિંટલાઇ વેલિ પળ તે ના લેશ છુટી થતી. ૮
શાંતી સુખ અનંત આપિ ભય ને ક્લેશો બધા એ હરે
નીતી ન્યાય સુધર્મથી સરવની, રક્ષા પ્રભુ એ કરે;
માગું માગું પડી પદામ્બુજ પ્રભુજી, બ્રહ્માંડના હે પતી
એની ઉજ્વળ વિશ્વમાં નિત કરો, વિસ્તીર્ણ સુકીરતી ૯
એનાં શસ્ત્ર સદાય બીજય લહો પૃથ્વી તળે ગાજતાં;
ત્રાસી નાસ પ્રતાપથી રિપુજનો નીચું જુઓ લાજતા
કાંતી ઉજવળને કૃપાળ લસતી, છે દિવ્ય આ દંપતી
મુર્તી એ અચળીત અંતર ધરી, પૂજો પ્રજા પ્રેમથી. ૧૦

પામો રામની ઉપમા વળિ પ્રભુ આશીશ હેન્ત તમે;
ત્રેતા કે કળિયુગ શું વરતતો, લોકો પડે વિભ્રમે !
દીર્ઘાયુ સુખ સંપતિ અતિ દિયો, સર્વ પુરો કામના
જીવો ખૂબ જિવો નૃપેંદ્ર કરતા શ્રી જ્યોર્જ સુનામના. ૧૧

अस्तु, अस्तु, अस्तु.

જીવો, બહુ જીવો, જ્યોર્જ નરેશ, જીવો બહુ જ્યોર્જ નરેશ
અતિ ઉજ્વળ કીર્તિ દીગંત, પ્રસારો હે પરમેશ ટેક ૦॥

સાખી.

ઉજવળ કીર્તિ તેજનું સુંદર સોહ્ય શરીર
કોમળ કમળ સમાન મુખ, ઝરે અમૃત નિત્ય રુચીર
જીવો બહુ જ્યોર્જ નરેશ

શીતળ શશિસમ શાંતિકર, સુરજ સમાન પ્રતાપ
ઉદારતામાં સિંધુ સમ, દીશે મહિમા અનંત અમાપ જીવો
નાના રત્ન જડિત મુગટ, તેજસ્વી શિર સોહ્ય
અંતરના સદ્ગુણ ગુપત, જાણું પ્રગટ પડ્યા સહુ કોય જીવો
એ તેજસ્વિ કીર્ણનો, જહિં જહિં થાય પ્રસાર
સ્નેહ, શાંતિ, સંતોષ, સુખ, કરે પુષ્ટ મનુષમાં અપાર જીવો
વસુંધરાને વશ કરી, નરપતિ થયા અનેક
વારી, વન્હિ, વાયુ પણ, એને વશ વરતે છે છેક જીવો

સરસ્વતિ ને લક્ષ્મિએ, પરહરિ સ્વરગ સ્વધામ
ભૂતળ કરી નિવાસ નિજ, કરે નિત્ય પ્રજાનાં કામ   જીવો
ધર્મ ધ્વજ ઉંચે ઉડે, સત્ય નીતિને ન્યાય
તેના ડંકાના વડા શુભ નાદ નિરંતર થાય   જીવો
સત્તા સ્થુળ શરીર પર શસ્ત્રે સહજ કરાય
અતિ ચંચળ મન લોકનાં, કીધાં વશ, શું મહા મહિમાય   જીવો
ભય સહુ ભાગ્યા ભય ધરી મ્હાલે ભોગ વિલાસ
સુખમાં દિન સહુ સંચરે, ફળે નવિન રૂડી બહુ આશ   જીવો
ભૂપતિ એવા અવનિમાં, સુરગણનો અવતાર
જન હિત કરતા છે કૃતિ, ગાજે ગગનમાં જયજયકાર   જીવો
દીર્ઘ આયુ અરોગ્યતા, થાજો કીર્તિ વિશાળ
માગું પ્રભુજી એટલું, એનું રાજ તપો બહુ કાળ   જીવો

अस्तु, अस्तु, अस्तु,

મેનેજર રાત્રીશાળા, સુરત.

ધર્મનીતિ શિક્ષણ માટેનાં પુસ્તકો

કિંમત–વિદ્યાર્થિઓ માટે.

૧	સનાતન ધર્મ ગ્રંથાવળી ભા. ૨ જો...	...૦—૧૨—૦
૨	સનાતન ધર્મ સંવાદ...	...૦—૧—૦
૩	શ્રી રામચંદ્ર...	...૦—૮—૦
૪	માહાભારત...	...૦—૮—૦
૫	વીદુરનીતિ	...૦—૨—૬
૬	નીતિની શિખામણ	...૦—૨—૦
૭	બાળ વાર્તા	...૦—૨—૦
૮	બાળ શિક્ષણ...	...૦—૧—૬
૯	ગુરૂ દર્શન	...૦—૬—૦
૧૦	શ્રી કૃષ્ણ ચરિત્ર	...૦—૨—૦
૧૧	સતી મંડળ ભા. ૧ લો...	...૩—૮—૦
૧૨	,, ભા. ૨ જો...	...૩—૮—૦
*૧૩	ધર્મનીતિ બોધીની ભા. ૧ લો... ...	...૦—૨—૦
*૧૪	એજન ભા. ૨ જો	...૦—૩—૦
*૧૫	નીતિ રત્નમાળા કાવ્યમાં	...૦—૨—૦
૧૬	બાળબોધ માળા	...૦—૦—૬
૧૭	મુમુક્ષુનું નિત્ય કર્મ...	...૦—૧—૦
૧૮	વિદ્યાર્થીની નિત્ય નોંધ	...૦—૧—૦
૧૯	બોધવચન માળા	...૦—૦—૬

નં. ૧૩થી ૧૯ સુધીનાં પુસ્તકોની ઉપજ ધર્મનીતિ શિક્ષણ-ફંડ ખાતે જમા થાય છે.

* આ નિશાનીવાળાં પુસ્તકો નામદાર અંગ્રેજી તેમજ ગાયકેવાડ સરકારના કેલવણી ખાતાએ ઇનામ માટે મંજુર કર્યાં છે.

પુસ્તકો મળવાના ઠેકાણું.

સુરત—થીઓસોફીકલ સોસાયટી લૉજ ગોપીપૂરા શ્રી હાટકેશ્વર શીવાલય

ટીપ—ઉપરનાં નં. ૧–૨–૩–૪નાં પુસ્તકો અંગ્રેજીમાં પણ મળી શકશે.

प्रभु प्रार्थना.

ગઝલ.

ૐ

વિરાજે વ્યોમમાં ઉંચે, વળી નિઃસીમ પાતાળે;
વસે તું પૂર્વ પશ્ચિમે, રહે ઉત્તર દક્ષીણે.
દીસે નૈરૂત્ય વાયવ્યે, અને ઈશાન અગ્નિએ;
દશે દિશા પ્રભુ ત્હારો, થએ વિસ્તાર નવ ન્યારો.
વિભુ તું વિશ્વ વ્યાપી છે, છતાં અંતર સ્થાપિત છે;
રહી અંતસ્થ અંતરમાં, નિરંતર તુજ મંદિરમાં. ૩
નમું તુને ભજું તુને, અલૌકિક ભાવથી નીત્યે;
બીજું હું એટલું માગું, ત્હને જન અંતરે સેવું. ૪
સુતેલાંને જગાડું હું, પડેલાંને ઉઠાડું હું;
બતાવું માર્ગ ભુલ્યાંને, પ્રીતે દોરૂં હું અંધાને ૫
ગમે તે વર્ણના હોયે, ગમે તે ધર્મ છો પાળે,
ગમે તે જાતિનાં હોયે, સહુ સંતાન ત્હારાં એ. ૬
પિતા સંતાન ત્હારાં તે, સહોદર સર્વ માહારાં છે;
કરી સહુપર અમી દૃષ્ટિ, પ્રભુ કર શાંતિની વૃષ્ટિ. ૭

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

શાંતિ સદન,
ગોપીપરા—સુરત. } વી. છ. મેહતા.